આજનો સુવિચાર

જોખમ તો દરેક કામમાં છે, પણ કશું નહિ કરવામાં સૌથી મોટું જોખમ છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૧૯ જૂનાગઢ તા.૦૧-૯-૨૦૨૩ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 219, Junagadh : Date : 01 September, 2023, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay




# કોમર્શીયલ ગેસ સિલિન્ડરનાં ભાવમાં રૂા.૧૫૭નો ઘટાડો

નવી દિલ્હી, તા.૧: એલપીજીના ઘરેલુ ગ્રાહકોને રાહત આપ્યા બાદ હવે મોદી સરકારે કોમર્શિયલ સિલિન્ડર યુઝર્સને પણ મોટી રાહત આપી છે. આજથી ૧૯ કિલોના કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં ઘટાડો કરવામાં આવ્યો છે. હવે દિલ્હીમાં કોમર્શિયલ સિલિન્ડરની કિંમત ૧૫૭ રૂપિયા ઘટીને ૧૫૨૨.૫૦ રૂપિયા થઈ ગઈ છે. આ દરો આજથી એટલે કે તા.૧ સપ્ટેમ્બરથી લાગુ થશે.

દિલ્હીમાં કોમર્શીલ ગેસ સિલિન્ડર ૧૬૮૦ રૂપિયાના બદલે ૧૫૨૨.૫૦ રૂપિયામાં અને કોલકાતામાં આજથી ૧૮૦૨.૫૦ રૂપિયાના બદલે ૧૬૩૬ રૂપિયામાં મળશે. એ જ રીતે, અગાઉ મુંબઈમાં તેની કિંમત ૧૬૪૦.૫૦ રૂપિયા હતી અને હવે તે ઘટીને ૧૪૮૨ રૂપિયા થઈ ગઈ છે.

ગત મંગળવારે એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૨૦૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. સરકારના આ નવા નિર્ણય બાદ એલપીજી સિલિન્ડર (૧૪.૨ કિગ્રા)ના ભાવમાં મોટા ફેરફાર કરવામાં આવ્યા છે. હવે દેશની રાજધાની દિલ્હીમાં ૧૪.૨ કિલોના ઘરેલુ એલપીજી સિલિન્ડર ૯૦૩ રૂપિયામાં વેચાઈ રહ્યા છે. ગ્રાહકોને હવે પહેલા કરતા ૨૦૦ રૂપિયા સસ્તાભાવે સિલિન્ડર મળી રહ્યા છે.

તહેવારોની સિઝન પહેલા એરલાઈન્સ કંપનીને મોટો ઝટકો લાગ્યો છે. ઓઈલ માર્કેટિંગ કંપનીએ એવિએશન ટર્બાઈન ફયુઅલ (ATF)ની કિંમતમાં વધારો કર્યો છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ જેટ ઈંધણના ભાવમાં રૂા.૧૩૯૧૧/KL સુધીનો ધરખમ વધારો કર્યો છે. આ વધેલા દરો આજથી લાગુ થશે. તમને જણાવી દઈએ કે ગયા મહિને પણ ATFની કિંમત રૂા.૭૭૨૮ સુધી વધારવામાં આવી હતી. બે મહિનામાં રૂ.૨૧ હજારથી વધુનો વધારો થયો છે.

# ચીને જારી કરેલા નવા નકશાથી ભારે વિવાદ છેડાયો : ભારત ઉપરાંત ફિલિપાઈન્સ, મલેશીયા, તાઈવાનનો પણ ઉગ્ર વિરોધ




નવી દિલ્હી તા. ૧ છેલ્લા કેટલાક વર્ષો દરમ્યાન ચીન અને ભારત વચ્ચે સરહદ વિવાદને લઈને તણાવ વધ્યો છે અને થોડા દિવસો પહેલા જ ચીને એક નકશો જાહેર કર્યો હતો જેમાં અરુણાચલ પ્રદેશને પોતાનો ભાગ બતાવવામાં દર્શાવવામાં આવ્યો હતો. ચીનના આ નકશા અંગે ભારતે સખત વિરોધ નોંધાવ્યો છે ત્યારે હવે ભારતની સાથે, ફિલિપાઈન્સ, મલેશિયા, વિયેતનામ અને તાઈવાનની સરકારોએ ચીનના નવા રાષ્ટ્રીય નકશાને નકારી કાઢ્યો છે બૈજિંગ તેમના દેશના પ્રદેશને પોતાનો હોવાનો દાવો કરી રહ્યું હોવાના આક્ષેપ સાથે સખત શબ્દોમાં નિવેદનો જારી કર્યા હતા.

આ પહેલા ભારતે મંગળવારે ચીનના નકશા પર સખત વિરોધ નોંધાવ્યો, જેમાં અરૂણાચલ પ્રદેશ અને અકસાઈ ચીનનો દાવો કરવામાં આવ્યો છે.

ભારતે કહ્યું હતું કે આવા પગલાઓ માત્ર સરહદ વિવાદના ઉકેલને જટિલ બનાવે છે. વિદેશ મંત્રાલયે પણ ચીનના દાવાઓને પાયાવિહોણા ગણાવીને નકારી કાઢ્યા હતા. ચીનના પગલા પર પ્રતિક્રિયા આપતા વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું, માત્ર વાહિયાત દાવા કરવાથી અન્ય લોકોનો વિસ્તાર તમારો નથી બની જતો.

ફિલિપાઈન્સ સરકારે પણ ગઈ કાલે ચીનના કહેવાતા નકશાની ટીકા કરી હતી. ફિલિપાઈન્સના વિદેશ બાબતોના પ્રવકતા મા ટેરેસિટા દાઝાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ચીનના કથિત સાર્વભૌમત્વ અને દરિયાઈ વિસ્તારો પર ચીનના કથિત સાર્વભૌમત્વ અને અધિકારક્ષેત્રને કાયદેસર બનાવવાના આ તાજેતરના પ્રયાસનો આંતરરાષ્ટ્રીય કાયદા, ખાસ કરીને ૧૯૮૨ના યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન ઓન ધ લો ઓફ ધ સી હેઠળ કોઈ આધાર નથી. આ પહેલા ફિલિપાઈન્સે ૨૦૧૩ માં ચીનના રાષ્ટ્રીય નકશાના પ્રકાશનનો વિરોધ કર્યો હતો, જેમાં કલયાન ટાપુઓ અથવા સ્પ્રેટલીસના ભાગોને ચીનની રાષ્ટ્રીય સીમાઓમાં મૂકવામાં આવ્યા હતા.

ચીનની આ તાજેતરની ઉશ્કેરણીની વિયેતનામે પણ ટીકા કરી છે. વિયેતનામના વિદેશ મંત્રાલયના પ્રવકતા ફામ થુ હેંગે જણાવ્યું હતું કે વિયેતનામ હોઆંગ સા (પેરાસલ) અને ટ્રૂઓંગ સા (સ્પ્રાટલી) ટાપુઓ પર તેની સાર્વભૌમત્વનો નિશ્ચિતપણે પુનરોચ્ચાર કરે છે અને ચીનના કોઈપણ દરિયાઈ દાવાને નિશ્ચિતપણે નકારી કાઢે છે.

# ચૂંટણીમાં ઉમેદવારોએ કરેલા ખર્ચ ઉપર ચૂંટણીપંચ ચાંપતી નજર રાખશે : ઓનલાઈન હિસાબ દેવો પડશે

(દિલ્હી બ્યુરો)

નવી દિલ્હી તા. ૧ આગામી વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારોએ કરેલા ખર્ચ પર હવે વધુ કડક નજર રાખવામાં આવશે તેના માટે કેન્દ્રીય ચૂંટણી પંચ કેન્ડીડેટ એક્સપેન્ડીચર મોનિટરિંગ સિસ્ટમ બનાવી રહ્યું છે. તેમાં એક સોફ્ટવેર હશે.

આ સોફ્ટવેર તૈયાર કરવાની જવાબદારી પ.બંગાળના મુખ્ય ચૂંટણી અધિકારીને આપવામાં આવી છે જ્યાં તાજેતરની વિધાનસભાની ચૂંટણીમાં મળેલા અનુભવોના આધારે સોફ્ટવેરને સારું બનાવી શકાય છે, તેથી આ કામ પ.બંગાળને સોંપવામાં આવ્યું છે. સોફ્ટવેરમાં તમામ પ્રકારની માહિતી માટે કોલમ હશે. અત્યાર સુધી ઉમેદવારો હાર્ડ કોપીમાં વિગતો જિલ્લા ચૂંટણી અધિકારીને આપતા હતા.

કેન્દ્રીય ચૂંટણી પંચે મધ્યપ્રદેશ ઉપરાંત છત્તીસગઢ, રાજસ્થાન, તેલંગાણા અને મિઝોરમમાં આ વર્ષે યોજાનારી વિધાનસભા ચૂંટણીમાં તેને લાગુ કરવાની તૈયારી કરી લીધી છે. ચૂંટણી પંચે હાલમાં જ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા આ રાજ્યોના મુખ્ય ચૂંટણી અધિકારીઓ સાથે બેઠક યોજીને તૈયારીઓ કરવા સૂચના આપી છે. આ સોફ્ટવેરમાં ખર્ચના ૧૦ મુખ્ય હેડ હશે. જેમાં સ્ટાર પ્રચારકો વગર વાહનો, બુકે, ફર્નિચર, પોસ્ટર, ચા-પાણી, ઠંડા પીણા, સ્થળનું ભાડું, સુરક્ષા ખર્ચ વગેરેનો સમાવેશ કરવામાં આવશે. આ સિવાય સ્ટાર પ્રચારકના આગમન પર આ જ ખર્ચની અલગથી નોંધ કરવાની રહેશે. ખર્ચના અન્ય મોટા મુખ્ય ચૂંટણી પ્રચાર સામગ્રી અને જાહેરસભાઓ, મીડિયા પરનો ખર્ચ, ચૂંટણી પ્રચારમાં રોકાયેલા વાહનો પરનો ખર્ચ સામેલ હશે.

સોફ્ટવેરમાં ગેરકાયદેસર ખર્ચની કોલમ પણ હશે. ઉદાહરણ તરીકે, જો ઉમેદવારે દારૂ અથવા રોકડનું વિતરણ કર્યું હોવાની પુષ્ટિ થાય, તો તે જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરી દ્વારા આ ગેરકાયદેસર ખાતામાં નોંધવામાં આવશે. આ સિસ્ટમનો સૌથી મોટો ફાયદો એ થશે કે દરેક ઉમેદવારના દરરોજના કાયદેસર-ગેરકાયદેસર ખર્ચનું ડેશબોર્ડ તૈયાર કરવામાં આવશે. જિલ્લા ચૂંટણી અધિકારીથી લઈને કેન્દ્રીય ચૂંટણી પંચના સ્તર સુધી તેનું મોનિટરિંગ કરવામાં આવશે.

# પાકિસ્તાનમાં પેટ્રોલ - ડીઝલનો ભાવ રૂા. ૩૦૦ને પાર

નવી દિલ્હી તા. ૧ : પાકિસ્તાનના ઈતિહાસમાં પહેલીવાર પેટ્રોલ અને ડીઝલની કિંમત ૩૦૦ રૂપિયા પ્રતિ લીટરને વટાવી ગઈ છે.

રખેવાળ સરકારે પેટ્રોલના ભાવમાં ૧૪.૯૧ રૂપિયા પ્રતિ લીટરનો વધારો કર્યો છે, ત્યારબાદ પેટ્રોલની કિંમત ૩૦૫.૩૬ રૂપિયા થઈ ગઈ છે. તેજ સમયે, ડીઝલની કિંમતમાં ૧૮.૪૪ રૂપિયાનો વધારો થયો છે, ત્યારબાદ ડીઝલ ૩૧૧.૮૪ રૂપિયા પ્રતિ લીટર થઈ ગયું છે.

આ વધારા સાથે, પેટ્રોલની કિંમત ૩૦૫.૩૬ રૂપિયા પ્રતિ લિટર અને હાઈ સ્પીડ ડીઝલ (એચએસડી) ૩૧૧.૮૪ રૂપિયા પ્રતિ લિટર થઈ ગઈ છે, નાણા મંત્રાલયે મોડી રાત્રે (અગાઉ ટ્વિટર) પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે કેરોસીન કે લાઈટ ડીઝલ ઓઈલના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

કિંમતોમાં વધારો એવા સમયે થયો છે જયારે સરકારે ૧૫ ઓગસ્ટે જ તેની કિંમતોમાં ધરખમ વધારો કર્યો હતો. ત્યારબાદ વચગાળાની સરકારે ઈંધણના ભાવમાં પ્રતિ લીટર ૨૦ રૂપિયાનો વધારો કર્યો હતો નોંધપાત્ર વાત એ છે કે, પાકિસ્તાનને નાણાકીય કટોકટીમાંથી બહાર કાઢવામાં મદદ કરવા માટે, IMFએ ૩ બિલિયન ડોલરનું બેલઆઉટ પેકેજ જાહેર કરવાની મંજૂરી આપી છે.

# ડાકોરનો વિવાદ ચાલુ છે ત્યાં હવે અંબાજી મંદિરમાં રૂા. ૫૦૦૦માં વીઆઈપી દર્શન

અંબાજી,તા. ૧ : સુપ્રસિદ્ધ ડાકોર મંદિર બાદ હવે યાત્રાધામ અંબાજી મંદિર પણ વિવાદમાં આવ્યું છે. મંદિરમાં વીઆઈપી દર્શન માટે ૫૦૦૦ રૂપિયા લેવાતા હોવાના કોંગ્રેસ પ્રવક્તા હેમાંગ રાવલે આક્ષેપ કર્યા છે. અંબાજી આવેલા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રવક્તા હેમાંગ રાવલે અંબાજી મંદિરમાં ૫૦૦૦ રૂપિયા લઈને દર્શન કરાવતા હોવાના આક્ષેપ લઈને વધુ એક વિવાદ સર્જાયો છે. અંબાજી મંદિરમાં ગર્ભ ગૃહમાં દર્શન કરવા હોય તો પાંચ હજાર રૂપિયા ચૂકવવા પડે છે તેનો મોટો આક્ષેપ કરાયો છે. અગાઉ પણ અંબાજી મંદિરમાં મોહનથાળનો પ્રસાદ બંધ થયો હતો અને જેને લઈને ધાર્મિક સંસ્થાઓ અને લોકોએ જે રીતે રજૂઆત કરવી પડી હતી. જે બાદ કેટલીક સંસ્થાઓ અને ભક્તોએ તંત્ર સામે આંદોલન કરવું પડ્યું હતું. વધુમાં તેમને જણાવ્યું હતું કે આ ૫૦૦૦ રૂપિયાના દર્શન માટે પણ હવે લોકોએ અને ધાર્મિક સંસ્થાઓએ પણ આંદોલન કરવા પડે તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. જોકે અંબાજી મંદિરના વહીવટદારને આ મામલે રજૂઆત કરાઈ છે અને જો આગામી સમયમાં આ વીઆઈપી દર્શન બંધ નહીં થાય તો મોહનથાળ પ્રસાદની જેમ જ આંદોલન કરવાનો વારો આવશે. કોંગ્રેસ વખતે હેમાંગ રાવલે અંબાજી મંદિર ના વહીવટદારને પણ આડે હાથે લીધા હતા અને વહીવટદારના સમયમાં જ આ તમામ વિવાદો સર્જાયા હોય તેવા આક્ષેપ કર્યા હતા.

# ચીન - પાકિસ્તાન સરહદે ભારતીય વાયુસેના ૪ સપ્ટેમ્બરથી ૧૧ દિવસ સુધી યુધ્ધાભ્યાસ કરશે



નવી દિલ્હી તા. ૧ ભારતીય વાયુસેના ચીન અને પાકિસ્તાન સાથેની સરહદો પર મેગા અભ્યાસનું આયોજન કરશે. સંરક્ષણ ક્ષેત્રના સૂત્રો મુજબ ૪ સપ્ટેમ્બરથી આ વાયુસેનાનો યુદ્ધાભ્યાસ શરૂ થશે, જે ૧૧ દિવસ સુધી ચાલશે. ઉલ્લેખનીય છે કે હાલમાં ભારત- ચીન સરહદે પણ ખેંચતાણની સ્થિતિ જોવા મળી રહી છે. સંરક્ષણ મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું કે વાયુસેનાની પશ્ચિમ કમાન અભ્યાસનું આયોજન કરશે જેને ત્રિશૂલ નામ અપાયું છે. વાયુસેના દ્વારા તાજેતરમાં કરાયેલા તમામ અભ્યાસોની તુલનાએ ઓપરેશન ત્રિશૂલ વધારે મોટું હશે. અભ્યાસમાં પશ્ચિમ કમાનના તમામ પ્લેટફોર્મનો ઉપયોગ કરાશે. આ ઉપરાંત અન્ય કમાનોની સંપત્તિઓ પણ તહેનાત કરાશે. અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ્ય વાયુસેનાની લડાકૂ ક્ષમતાઓનું પરીક્ષણ કરવા અને ઓપરેશનના માપદંડોનું આકલન કરવાનો છે. વાયુસેનાના સૂત્રોના જણાવ્યા અનુસાર ત્રિશુલમાં ઘણા મોટા ફાઈટર પ્લેનનો સમાવેશ કરવામાં આવશે. તેમાં રાફેલ, Su-30 MKI, જગુઆર, મિરાજ-૨૦૦૦, મિગ-૨૯, મિગ-૨૧ બાઈસન, ફાઈટર હેલિકોપ્ટર, મિડ-એર રિફ્યુઅલિંગ AWACS એરક્રાફ્ટ અને ટ્રાન્સપોર્ટ ફ્લીટ પણ તૈનાત કરાશે.

# આગામી પાંચ વર્ષ સુધી ક્રિકેટ પ્રસારણનાં રાઈટ્સ અંબાણીની માલિકીની વાયકોમ-૧૮ કંપનીને મળ્યા

મુંબઈ,તા.૧ : વાયકોમ૧૮ કંપનીએ આવતા પાંચ વર્ષ માટે ટીવી અને ડિજિટલ, બંને માધ્યમમાં ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ)ના મિડિયા રાઈટ્સ હાંસલ કર્યા છે. આની જાહેરાત બીસીસીઆઈના માનદ સચિવ જય શાહે કરી છે. યોજવામાં આવેલા ઈ-ઓક્શનમાં વાયકોમ-૧૮ કંપનીએ સોની સ્પોર્ટ્સ નેટવર્ક અને ડિઝની હોટસ્ટારને પરાજય આપ્યો છે. વાયકોમ૧૮ મિડિયા પ્રા.લિ. મુંબઈ સ્થિત મિડિયા કંપની છે. તે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની પેટાકંપની નેટવર્ક૧૮ ગ્રુપ અને પેરામાઉન્ટ ગ્લોબલનું સંયુક્ત સાહસ છે. તેની સ્થાપના ૨૦૦૭માં કરવામાં આવી હતી. તે ભારતમાં અનેક ટીવી ચેનલ્સ તેમજ કન્ટેન્ટ પ્રોડક્શન સ્ટુડિયોઝની માલિકી ધરાવે છે.

જય શાહે ટ્વીટ કરીને વાયકોમ-૧૮ને અભિનંદન આપ્યા છે. એમણે સાથોસાથ, પાંચ વર્ષ સુધી બીસીસીઆઈને ટેકો આપવા બદલ સ્ટાર ઈન્ડિયા અને ડિઝની પ્લસ હોટસ્ટારનો આભાર પણ માન્યો છે. બ્રોડકાસ્ટિંગ ક્ષેત્રે વાયકોમ૧૮ નવાંગતુક છે. પોતાની ટીવી ચેનલ સ્પોર્ટ્સ૧૮ અને ડિજિટલ પ્લેટફોર્મ જિયો સિનેમાની મારફત એ ૨૦૨૭ની સાલ સુધી મહિલાઓની પ્રીમિયર લીગ સ્પર્ધાના ટીવી અને ડિજિટલ રાઈટ્સ ધરાવે છે. તેણે ૨૦૨૪-૩૧ સુધી ભારતમાં પ્રસારિત થનાર દક્ષિણ આફ્રિકા સાથેની મેચોના રાઈટ્સ પણ મેળવ્યા છે. વાયકોમ૧૮એ બીસીસીઆઈના મિડિયા રાઈટ્સ ડિઝની હોટસ્ટાર પાસેથી લઈ લીધા છે. ડિઝની સ્ટારે રૂ. ૬,૧૩૮ કરોડમાં ૨૦૧૮-૨૩ સુધીના સમયગાળા માટે ટીવી અને ડિજિટલ રાઈટ્સ જીત્યા હતા.


ઈમરજન્સી એટલે વોકહાર્ટ
ઈમરજન્સીમાં દવાઓ લેવા, લેબોરેટરી રીપોર્ટ કરાવવા બહાર જવું ના પડે.
વધુ માહિતી માટે : 95861 44344
WOCKHARDT HOSPITALS
LIFE WINS

## ૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે

ફાયદા :
(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..
(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટે છે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.
(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફક્ત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..
(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાય છે..

નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે

:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ

૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી

સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
જૂનાગઢ









અમારે ત્યાંથી દરેક જાતનું ફરસાણ / મીઠાઈ મળશે
લગ્ન પ્રસંગનાં ઓર્ડર ઉપર પુરતુ ધ્યાન અપાશે
# અશોક સ્વીટ માર્ટ
વણઝારી ચોક, એમ.જી. રોડ, જૂનાગઢ.
ફોન : ૨૬૨૪૪૨૯, મો. ૯૮૨૪૮ ૪૮૯૧૮
તળાવ દરવાજા, ઉષા કિરણ એપા. સામે, જૂનાગઢ.
દિપકભાઈ : મો. ૯૮૭૦૦ ૫૫૮૫૮

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
# ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો


સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૧૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...




# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી ભવનના વરિષ્ઠ પ્રોફેસર અને પૂર્વ કાર્યકારી કુલપતિ પ્રો. જયદિપસિંહ ડોડીયાનો આજે જન્મદિવસ

(પ્રતિનિધિદ્વારા)

રાજકોટતા.૧

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કાર્યકારી કુલપતિ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી ભવનના સિનિયર પ્રોફેસર અનેઅધ્યાપક જગતમાં લોકપ્રિય અગ્રણી એવા પ્રો. જયદિપસિંહ ડોડીયા તેમની જીવનયાત્રાના ૫૯વર્ષ પુરા કરી આજ રોજ તા.૧-૯-૨૦૨૩ના દિવસે૬૦માંવર્ષમાં પ્રવેશકરી રહ્યા છે. ૧૯૯૮માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અંગ્રેજી ભવનમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે જોડાયા એ પહેલા રાજકોટની શ્રીમતી એમ. ટી. ધમસાણીયા કોમર્સ કોલેજ અને માંગરોળની શારદાગ્રામ કોલેજમાં અંગ્રેજીના અધ્યાપક તરીકે ફરજ બજાવેલ તથા માંગરોળ જેવા દરિયાઇ કાંઠાના વિસ્તારોમાં અંગ્રેજી ભાષાના પ્રચાર તથા પ્રસાર માટે ખુબ જ મહત્વનુ યોગદાન આપ્યું હતું. તે માટે તેઓએ વિલિયમ શેકસપિયર સોસાયટીની સ્થાપના પણ કરેલી, તથા ગ્રામ્ય વિસ્તારમાંથી કોલેજમાં ભણવા આવતા વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી વિષયમાં ઉત્તમ કારકિર્દી ઘડવા પોતે પ્રેરણાસ્ત્રોત રહેલા હતા. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકેની કારકિર્દી શરૂ કરનાર પ્રો. ડોડીયા સેનેટ સભ્ય, સીન્ડીકેટ સભ્ય તેમજ વિનયન વિદ્યાશાખાના ડીન તરીકે ફરજ બજાવી ચુક્યા છે. વર્ષ ૨૦૧૩માં તત્કાલીન કુલપતિ ડો. મહેન્દ્રભાઈ પાડલીયા લંડનના પ્રવાસે ગયા ત્યારે ગુજરાતના તત્કાલીન રાજયપાલ ડો. કમલા બેનીવાલે કાર્યકારી કુલપતિ તરીકે પ્રો.ડોડીયાની નિમણૂંક કરી હતી. પ્રો.જયદિપસિંહ ડોડીયાનો વર્ષ ૨૦૧૩ માં કાર્યકારી કુલપતિ તરીકેનો ખુબજ અલ્પ સમય ગાળો ગુજરાત રાજયનું શિક્ષણ જગત લાંબા સમય સુધી યાદ રાખે તેવો યશસ્વી રહ્યો હતો. વર્ષ ૨૦૧૨માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સૌથી મોટી ફેકલ્ટી એવી આર્ટ્સ ફેકલ્ટીના ડીન અને અધર ધેન ડીન એમ બંને પદે ચૂંટાઈને પ્રો. જયદિપસિંહ ડોડીયાએ વિક્રમ સર્જયો હતો. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી-પાટણની કુલપતિ સર્ચ કમિટીમાં યુ.જી. સી. ચેરમેનના નોમિની તરીકે એક વખત તેમજ રાજ્યપાલના નોમિની તરીકે આ સમિતિના અધ્યક્ષ તરીકે બે વખત સફળતા પૂર્વક ફરજ બજાવી ચુક્યા છે. તેમજ પ્રો. ડોડીયાએ રાજસ્થાનની વર્ધમાન મહાવીર ઓપન યુનિવર્સિટી, કોટાના એકેડેમિક કાઉન્સીલના સભ્ય તરીકે એક ટર્મ ફરજ બજાવેલ છે. તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અનેધિરાણ સહકારી મંડળીના પ્રમુખ પદે પોતાના નિષ્ઠાવાનસ્વભાવ અને બીજા માટે કઈક કરી છૂટવાની ભાવનાને કારણે સતત ત્રણ વર્ષ બિનહરીફ ચૂંટાયા છે. ઉપરાંત, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો-હાઉસિંગ સોસાયટીના પણ પ્રમુખની જવાબદારી નિભાવી રહ્યા છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આસિસ્ટન્ટ પ્રોફેસરથી કારકિર્દી શરુ કરીને અંગ્રેજી ભાષા સાહિત્યના બઢતીથી અને સીધી ભરતીથી એમ બંને રીતે પ્રોફેસર તરીકે નિમણૂંક મેળવનાર પ્રો.જયદિપસિંહ ડોડીયા સૌરાષ્ટ્ર કચ્છમાં અંગ્રેજી વિષયના પ્રથમ અધ્યાપક છે. જેઓના માર્ગદર્શન નીચે અત્યાર સુધીમાં ૪૨ જેટલા અધ્યાપકોએ પીએચ.ડી.ની ડીગ્રી પ્રાપ્તકરી છે. એટલું જ નહિ, પણ આ પૈકી ૨૦ જેટલા અધ્યાપકો ગુજરાતની અલગ અલગ યુનિવર્સિટીમાં ગાઈડ તરીકે સફળતાપૂર્વક કાર્ય કરી રહ્યા છે. એક અધ્યાપક તરીકે ડૉ. ડોડીયા માત્ર અધ્યાપકોની જ નહિ, પરંતુ વિદ્યાર્થીઓની સમસ્યાઓ અંગે પણ સતત જાગૃત રહી અને જરૂરપડે વિદ્યાર્થીઓના વાલીની ભૂમિકા પણ અદા કરી સત્તાધીશો સમક્ષ નીડરતાપૂર્વક અને સચોટ આધાર પુરાવા સાથે પરિણામલક્ષી રજૂઆતો કરતા રહ્યા છે અને તેઓ અધ્યાપક તથા વિદ્યાર્થી એમ બંને માટે નિસ્વાર્થ સેવા અર્થે રાઉન્ડ ધ કલોક તત્પર હોય છે જે તેઓના વ્યક્તિત્વનું એક વિશિષ્ઠ પાસું રહ્યું છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ટીચર્સ એસોસિએશનના બે ટર્મ સુધી મહામંત્રી અને બે ટર્મ સુધી પ્રમુખ તરીકેના કાર્યકાળમાં સત્તાધીશો સાથે સીધો સંઘર્ષ કરીને પણ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અધ્યાપકોના પ્રશ્નોના નિવારણ માટે મહત્વની ભૂમિકા ભજવી હતી. ગુજરાતમાં યુ.જી.સી.ના છઠ્ઠા અને સાતમાં પગાર ધોરણના અમલીકરણ માટે પણ પ્રો. જયદીપસિંહ ડોડીયાએ એક જાગૃત અધ્યાપક અગ્રણી તરીકે સક્રિય ભૂમિકા ભજવી હતી. પ્રો. ડોડીયાના પુત્ર કુલદીપસિંહ ડોડીયા રાજકોટ શહેરના ખ્યાતનામ આર્કિટેક્ટ છે. પ્રો. ડોડીયાના પુત્રવધૂ રીમાબેન ઉદયસિંહ ઝાલા નાયબ પોલીસ અધિક્ષક (ડીવાય.એસ.પી.) તરીકે પ્રથમ પ્રયાસે નિયુક્ત થતા હાલ સાબરકાંઠા જિલ્લામાં પ્રોબેશનરી નાયબ પોલીસ અધિક્ષક તરીકે ફરજ બજાવી રહ્યા છે. જયારે તેમના સુપુત્રી ડૉ. ભાર્ગવી અને જમાઈ ડો. ધ્વનન અમદાવાદની ખ્યાતનામ કોર્પોરેટ હોસ્પીટલમાં ડોક્ટર છે. જૂનાગઢ સ્વામિનારાયણ ગુરૂકુલના ભૂતપૂર્વ વિદ્યાર્થી પ્રો. જયદિપસિંહ ડોડીયાને તેમના જન્મદિવસે રાજકોટ ગુરૂકુલથી પરમ પૂજ્ય ગુરૂવર્ય શ્રી સદગુરૂ સ્વામી દેવકૃષ્ણદાસજી સ્વામી તથા મહંત સ્વામી શ્રી દેવપ્રસાદદાસજી સ્વામી તથા જૂનાગઢ ગુરૂકુલથી પરમ પૂજ્ય સદગુરૂ સ્વામી શ્રી જ્ઞાનસ્વરૂપદાસજી સ્વામી અને સર્વે સંતોએ આશીર્વાદ પાઠવ્યા છે. આજ રોજ પ્રો. જયદિપસિંહ ડોડીયાના જન્મદિવસે તેમને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ગિરિશભાઈ ભીમાણી, ગોવિંદગુરૂ યુનિવર્સિટી-ગોધરાના કુલપતિ પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણ, ઉદયસિંહ રામભાઈ ઝાલા(ખાપટ ગીર), દીપસિંહ રામભાઈ ઝાલા(ખાપટ ગીર), સગાભાઈ રાણાભાઈ બારડ(બુધેચા), રમેશભાઈ કે. સાકરીયા તથા જાણીતા યુવા એડવોકેટ હાર્દિક જી. ડોડીયા સહિતના અનેક શુભેચ્છકો, શિક્ષણવિદો અને સામાજિક સંસ્થાના અગ્રણીઓએ પ્રો. જયદીપસિંહ ડોડિયાને (મો.૯૬૮૭૬ ૯૨૯૫૦) અઢળક શુભેચ્છાઓ પાઠવી છે.



# ખંભાળિયા નગરપાલિકાના પ્રમુખપદ માટે ભારે ખેંચતાણ



(કુંજનરાડિયા દ્વારા)

જામખંભાળિયા તા.૧

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા નગરપાલિકાના પ્રમુખ - ઉપપ્રમુખની અઢી વર્ષની ટર્મ પૂર્ણ થઈ રહી છે. ત્યારે આગામી દિવસોમાં નગરપાલિકાના નવા સત્તાવાહકોની વરણી માટેની પ્રક્રિયા પાર્ટીના મોવડી મંડળ દ્વારા હાથ ધરવામાં આવી રહી છે. હાલ ખંભાળિયામાં બહુમતી સભ્યો ધરાવતા રઘુવંશી સમાજને પ્રાધાન્ય આપવામાં આવે તેવો સુર પણ સાંભળવા મળી રહ્યો છે. ૨૮ સભ્યો સાથેની ખંભાળિયા નગરપાલિકામાં ઐતિહાસિક સંખ્યા ધરાવતા ૨૬ સભ્યો ભાજપના છે. ખંભાળિયા નગરપાલિકાના વર્તમાન પ્રમુખ તથા ઉપપ્રમુખના હોદાની અઢી વર્ષની મુદ્દત આગામી દિવસોમાં પૂર્ણ થતી હોય, નવા પ્રમુખ, ઉપપ્રમુખ તથા કારોબારી ચેરમેનની નિયુક્તિ માટેની પ્રક્રિયા ચાલી રહી છે. ત્યારે મહિલા સામાન્ય અનામતની આ બેઠક માટે અનેક સભ્યો વચ્ચે લોબિંગ તથા ખેંચતાણ ચાલી રહી હોવાનું ચિત્ર જોવા મળી રહ્યું છે. ખંભાળિયા નગરપાલિકામાં હાલ કુલ ૨૮ પૈકી સાત સભ્યો રઘુવંશી જ્ઞાતિના છે અને શહેરમાં રઘુવંશી જ્ઞાતિની નોંધપાત્ર વસ્તી વચ્ચે છેલ્લા આશરે દોઢ એક દાયકાથી રઘુવંશી જ્ઞાતિને પ્રમુખ પદ મળ્યું નથી. ત્યારે હવે આગામી ટર્મમાં રઘુવંશી જ્ઞાતિના મહિલા સભ્યને સત્તાનું સુકાન સોંપવામાં આવે તેમ નગરજનો તેમજ રઘુવંશી જ્ઞાતિજનોની અપેક્ષા છે. ખંભાળિયા નગરપાલિકાના નવા સુકાનીઓ માટે આજરોજ પ્રભારીઓ, નેતાઓ દ્વારા સેન્સ અંગેની પ્રક્રિયા કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષો અગાઉ ખંભાળિયા નગરપાલિકામાં દાયકાઓ સુધી રઘુવંશી જ્ઞાતિના પ્રમુખ દ્વારા સુશાસન સંભાળવામાં આવ્યું હતું. જે સમયના કામો હજુ પણ નગરજનો યાદ કરે છે. ત્યારે હવે નગરપાલિકાના પ્રમુખ પદની જવાબદારી વધુ એક વખત રઘુવંશી જ્ઞાતિને સોંપવામાં આવે તેવી માંગ પ્રબુદ્ધ નગરજનોમાં ઉઠી રહી છે. ખંભાળિયા નગર પાલિકાના પ્રમુખ પદ માટે સાત જેટલા દાવેદારો મેદાનમાં છે. ત્યારે હવે આગામી દિવસોમાં પ્રમુખ, ઉપપ્રમુખ પદ માટે પસંદગીનો કળશ કોના પર ઢોળાશે તે બાબતે પણ લોકોની મીટ મંડાઈ છે.

# ખંભાળિયાની સગીરા પર દુષ્કર્મ કેસમાં આરોપીને દસ વર્ષની સખત કેદ તથા દંડ

(કુંજનરાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧

ખંભાળિયા તાલુકાના માંઢા ગામે રહેતા એક શ્રમિક પરિવારના લોકો ગત તારીખ ૨૨-૨-૨૦૧૯ ના રોજ રાત્રે જમીને સુઈ ગયા હતા. ત્યાર બાદ આ પરિવારની આશરે ૧૭ વર્ષની સગીર પુત્રી લાપતા બનતા તેણીની શોધખોળ કરવામાં આવી હતી.

આ પ્રકરણમાં ફરિયાદી પરિવારના દૂરના સંબંધી એવા આરોપી પ્રકાશ ઉર્ફે પકો કેશુભાઈ લાલવાણી (ઉ.વ. ૨૩, રહે. મોટી ખાવડી) નામનો શખ્સ આ સગીરાને લલચાવી, ફોસલાવીને લઈ ગયો હોવાનું ખુલવા પામ્યું હતું. આ અંગેની ફરિયાદ ખંભાળિયા પોલીસ મથકમાં નોંધાવવામાં આવતા પોલીસે અપહરણ, દુષ્કર્મ તથા પોક્સો એક્ટની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો.

આ પ્રકરણમાં ઈન્ચાર્જ પી.આઈ. એ.બી. જાડેજા દ્વારા કરવામાં આવેલી તપાસમાં આરોપીને ઝડપી લીધા બાદ ભોગ બનનારનું નિવેદન, મેડિકલ તપાસણી તેમજ જરૂરી સેમ્પલ લીધા બાદ તે એફ.એસ.એલ.માં મોકલી આપી, આ અંગેની ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.

આ સમગ્ર કેસ ખંભાળિયાની સ્પેશિયલ પોકસો કોર્ટમાં ચાલી જતા આ અંગે ફરિયાદી તેમજ ભોગ બનનારની જુબાની, ડોક્ટરનો પુરાવો તેમજ પૃથક્કરણનો અહેવાલ વિગેરે અહીંની અદાલતમાં રજૂ કરી, જિલ્લા સરકારી વકીલ એલ.આર. ચાવડા દ્વારા અદાલત સમક્ષ કરવામાં આવેલી દલીલોને ગ્રાહ્ય રાખી, નામદાર અદાલતે આરોપી પ્રકાશ કેશુભાઈ લાલવાણીને તકસીરવાન ઠેરવી, જુદી જુદી કલમ હેઠળ ૧૦ વર્ષની સખત કેદની સજા તથા રૂપિયા ૨૩ હજારનો દંડ ઉપરાંત ગુજરાત વિક્ટિમ કમ્પેનશેશન સ્કીમ હેઠળ ભોગ બનનારને રૂપિયા બે લાખનું વળતર ચૂકવવા માટે પણ હુકમ કર્યો છે.

# બિલખા હાઈસ્કૂલ ખાતે કલાકારો દ્વારા વિર વંદના કાર્યક્રમ યોજીને લોકોને જાગૃત કર્યા



(પ્રતિનિધિ દ્વારા)

બિલખા તા.૧

અત્રે આવેલ ગ્રામ પંચાયત સંચાલીત હાઈસ્કૂલ ખાતે સવારે ૧૧ વાગ્યે મેરી મીટી મેરા દેશ કાર્યક્રમ અંતર્ગત વિરોને વંદના કરવાના આશયથી લોકો સાહિત્યના કલાકારો દ્વારા લોકોને જાગૃત કરવાના આશયથી ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભજનીક કુલદીપભાઈએ દેશભકિતના ગીતો રજુ કરી વિરોને વંદના કરી ત્યારેમોટી સંખ્યામાં લોકો અને વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ કાર્યક્રમમાં જીલ્લા પંચાયત સદસ્ય અનકભાઈ ભોજક, અનિલભાઈ સાબલપરાએ હાજરી આપી કલકારોને પ્રોત્સાહિત કર્યા હતા.

# દ્વારકાના શંકરાચાર્યજીના જન્મદિવસની થશે ભવ્ય ઉજવણી



(કુંજનરાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧

હિન્દુ સંસ્કૃતિમાં પૂજનીય એવા શંકરાચાર્યજીનું સ્થાન અનન્ય છે, ત્યારે દ્વારકાના શંકરાચાર્ય સદાનંદજી મહારાજના આજે જન્મદિવસ નિમિત્તે તેમના ભક્તો સહિતના ધર્મપ્રેમી લોકોએ તેઓને જન્મદિવસની શુભકામનાઓ પાઠવી છે. શ્રી દ્વારકા શારદા પિઠાધીશ્વર જગતગુરૂ શંકરાચાર્ય શ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજનો આજે ૬૫ મો જન્મદિવસ હોય, આ પ્રસંગે ભક્ત પરિવાર દ્વારા તેમના આશિષ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. આ પ્રસંગે દેવભૂમિ દ્વારકા જિલ્લાના મેવાસા ગામના આહીર અગ્રણી તેમજ દાતા સદગૃહસ્થ મેરગભાઈ કાનાભાઈ ચાવડા તથા દિપકભાઈ ચાવડા પરિવાર દ્વારા પૂજ્ય શંકરાચાર્યજીને જન્મદિવસની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. સાથે-સાથે તેમના નિવાસ્થાને આગમનના સંસ્મરણો પણ વાગોળ્યા હતા.

# વાસાવડ પ્રાથમિક શાળાનું ગૌરવ



(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તીર્થ તા.૧

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ગીર-સોમનાથ દ્વારા આયોજિત સુત્રાપાડા તાલુકા બ્લોક કક્ષાનો કલા ઉત્સવ યોજાયો હતો. જેમાં વાસાવડ પ્રાથમિક શાળામાં ધોરણ સાતમાં અભ્યાસ કરતા પરમાર તરૂણભાઈ બાલુભાઈએ ચિત્ર સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં તેમનો દ્વિતીય નંબર આવતા વાસાવડ પ્રાથમિક શાળાનું ગૌરવ વધાર્યું હતું. આ ગૌરવ બદલ શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા અને શાળા પરિવાર દ્વારા તેઓનું સ્કૂલ ખાતે સન્માન કરવામાં આવ્યુંહતું.

# બિલખામાં આવેલ બ્રહ્માકુમારી સેન્ટર દ્વારા રક્ષાબંધનના તહેવારની ભવ્ય ઉજવણી થઈ

(પ્રતિનિધિ દ્વારા)

બિલખા તા.૧

બિલખામાં આવેલ બ્રહ્માકુમારી સેન્ટર ઉપર ભાઈ-બહેનના પવિત્ર પ્રેમના પ્રતિક એવા રક્ષાબંધનના તહેવારની ધામધુમ પુર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ ઉત્સવમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા અને બ્રહ્માકુમારી રશ્મીબેન પાસે રાખડી બંધાવી હતી. જયારે ભાઈઓએ ભેટ ધરી ત્યારે બ્ર. રશ્મીબેને ભેટમાં વ્યસન મુકિતનું વચન માંગી અને વ્યસન મુકિતનો કાર્યક્રમ પણ ચલાવ્યો હતો. આ પ્રસંગે બિલખાના સરપંચ ભાવનાબેન સાબલપરા તેમજ અનીલભાઈ સાબલપરાએ હાજરી આપી અને પવિત્ર રાખડી બંધાવી હતી.



# રવિવારે બોળચોથની સાથે જન્માષ્ટમીના પંચ દિવસીય મહાપર્વનો પ્રારંભ

શ્રાવણ વદ ચોથ ને રવિવાર તારીખ ૩ સપ્ટેમ્બર બહુલા ચોથ થી જન્માષ્ટમી ના પંચ દિવસીય મહાપર્વનો પ્રારંભ થશે જયારે શ્રાવણ મહિના ના ત્રીજા સોમવારે તારીખ ૪ સપ્ટેમ્બર ના દિવસે સોમવાર તથા નાગપાચમ છે મંગળવાર તારીખ ૫ સપ્ટેમ્બર ના દિવસે રાંધણ છઠ્ઠ છે બુધવારે ૬ સપ્ટેમ્બર ના દિવસે શીતળા સાતમ છે.

તથા ગુરૂવારે ૭ સપ્ટેમ્બરે જન્માષ્ટમી છે તે ઉપરાંત શ્રાવણ મહિનાના મુખ્ય તહેવારો જોઈએ તો શ્રાવણ વદ અગિયારસ ને રવિવાર અજા એકાદશી તથા આ દિવસે રવિપુષ્યમૃત યોગ સાંજ ૫ .૦૭ થી સોમવારે સવારના સૂર્યોદય સુધી ચાલશે શ્રાવણ મહિનાનો ચોથો સોમવાર તારીખ ૧૧ સપ્ટેમ્બર ના દિવસે છે તે ઉપરાંત આરાવારા ની શરૂઆત શ્રાવણ વદ ચૌદશ ને બુધવાર તારીખ ૧૩ સપ્ટેમ્બરના દિવસથી થશે આ વર્ષે અમાસની વૃદ્ધિ તીથી હોતા આરાવારા ની શરૂઆત ચૌદસના દિવસથી થશે તારીખ ૧૩. ૧૪ અને ૧૫ એટલે કે બુધ ગુરુ અને શુક્રવારે આ ત્રણ દિવસ આરાવારા ચાલશે પીપળે પાણી રેડવાનું મહત્વ છે શ્રાવણ મહિનાની પૂર્ણાહુતી તારીખ ૧૫ સપ્ટેમ્બર જે શુક્રવારે થશે

**શાસ્ત્રી રાજદીપ જોશી ( વેદાંત રત્ન)**

# મનોદિવ્યાંગ બાળકોએ રક્ષાબંધનની કરી ઉજવણી



(પ્રતિનિધિ દ્વારા) ઉના તા.૧ : ઉનામાં મનોદિવ્યાગ કેર ટ્રેનિંગ સેન્ટરમાં મનોદિવ્યાંગ બાળકોને ગાંધી કન્યા સ્કુલની બહેનો ઉના અને વાવરડા સ્કુલની બહેનો અને નવાબંદર પોલીસે સ્ટાફ દ્વારા રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવીહતી.

# આગામી ૭ દિવસમાં કોઈ સિસ્ટમ એક્ટિવ નહિ હોવાને લઈને હાલ વરસાદની નહિવત શક્યતા

**ઓગષ્ટ મહિનામાં ૯૦ ટકા વરસાદની ઘટ**

## અગાઉ ૨૦૧૫માં આવી એક પેટર્ન હતી જ્યાં ઓછો વરસાદ હતો અને આ વર્ષે પણ આમ જ રહ્યું છે

અમદાવાદ,તા.૧

હવામાન વિભાગે વરસાદને લઈને આગાહી કરી છે કે આગામી ૭ દિવસ કોરા ધાકોર રહેશે, એટલે કે વરસાદ ક્યાં જોવા મળવાની સંભાવના નથી. જેમાં સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતમાં વરસાદની કોઈ જ શક્યતાઓ નથી. જ્યારે દક્ષિણ ગુજરાતમાં ક્યાંક હળવો વરસાદ રહેશે. જેમાં ડાંગ. વલસાડ. તાપીમાં હળવો વરસાદ રહેવાની આગાહી કરાઈ છે.અમદાવાદમાં વાદળછાયું વાતાવરણ રહેશે. આગામી ૭ દિવસમાં કોઈ સિસ્ટમ એક્ટિવ નહિ હોવાને લઈને હાલ વરસાદની નહિવત શક્યતા વ્યક્ત કરાઈ છે. એટલે કે ખેડૂતો માટે જે વરસાદ જોઈએ તે હાલ દેખાઈ નથી રહ્યો. જેની અસર સીધી ખેત પેદાશ પર જોવા મળી શકે છે.

વરસાદ ની આગાહી સાથે હવામાન વિભાગે વરસાદના આંકડાકીય વિગતો પણ રજુ કરી છે. જે આંકડા પ્રમાણે ચાલુ વર્ષે ઓગસ્ટ મહિનામાં આ વર્ષે નહિવત વરસાદ રહ્યો. મળતી માહિતી પ્રમાણે રાજયમાં ઓગસ્ટ મહિનામાં ૯૦ ટકા ઓછો વરસાદ રહ્યો, એટલે કે માત્ર ૧૦ ટકા જ વરસાદ વરસ્યો છે.

હવામાન વિભાગની વિગતો મુજબ ઓગસ્ટ મહિનામાં ઓછો વરસદ વરસ્યો હોય એવુ અંતિમ ૧૦ વર્ષમાં પહેલી વાર બન્યું છે.અગાઉ ૨૦૧૫માં આવી એક પેટર્ન હતી જ્યાં ઓછો વરસાદ હતો અને આ વર્ષે પણ આમ જ રહ્યું છે. જેમાં અલનીનોની અસરના કારણે આવી પેટર્ન રહી ઓછો વરસાદ રહ્યાનું હવામાન વિભાગે જણાવ્યુ હતુ.

જોકે જુલાઈ મહિનામાં સારો વરસાદ રહ્યો હતો જેને લઈ રાહત કેટલેક અંશે રહી હતી. જુલાઈમાં વરસાદ સારો રહેવાને લઈ વરસાદની ઘટ પુરી કરી હકતી. રાજયમાં હાલ સુધી સિઝનનો ૯૪ ટકા વરસાદ નોંધાયો છે.

અધિકારીનું માનીએ તો ઓગસ્ટ મહિનામાં ઓછો વરસાદ એ ખેંચ નથી પણ ઓગસ્ટ મહિનામાં વરસાદની યોગ્ય પેટર્ન નહિ મળતા વરસાદ ઓછો રહ્યો. જ્યારે જુલાઈમાં વધુ વરસાદ રહ્યો.ઉત્તર ગુજરાતમાં સૌથી ઓછો વરસાદ રહ્યો છે.

જેમાં પાટણ, મહેસાણા,બનાસકાંઠા અને સાબરકાંઠામાં ઓછો વરસાદ નોંધાયો હતો. અમદાવાદ, અમરેલી, ભાવનગર, દ્વારકા, બોટાદ, કચ્છ, પોરબંદર, રાજકોટ, અને સુરેન્દ્રનગરમાં પણ ઓછો વરસાદ નોંધાયો છે.

અમદાવાદમાં હાલ ૩૬ ડિગ્રી અને ગાંધીનગર ૩૫ ડિગ્રી તાપમાન છે. જેમાં ૧ થી ૨ ડિગ્રી તાપમાન વધી શકે છે. હાલ વરસાદની કોઈ સિસ્ટમ એક્ટિવ નહિ હોવાને કારણે અને ભેજ વાળું વાતાવરણ હોવાથી ગરમી અને બફારો છે અને માટે જ તાપમાન વધી રહ્યું છે.

### થોડીક જાગરૂકતા આપણી, બની રહે સલામતી વન્યપ્રાણીઓની

# વન્યપ્રાણી વિચરણ વિસ્તારમાં તકેદારી અંગે માર્ગદર્શિકા

## પ્રવૃત્તિઓના ભંગ બદલ રૂા.૫,૦૦,૦૦૦ સુધીનો દંડ અથવા ૩ થી ૭ વર્ષ સુધીની સજા પણ થઈ શકે







જૂનાગઢ, તા.૧

સામાન્યરીતે વન્યપ્રાણી વિચરણ વિસ્તારમાં પ્રાણીઓને, પ્રકૃતિને નુકસાન થાય તે પ્રકારની પ્રવૃત્તિ કરવામાં આવતી હોય છે. જેના કારણે પ્રાણીઓને ખલેલ પહોંચતો હોય છે. તો આ અંગે જૂનાગઢ ગીર પશ્ચિમ વન વિભાગ દ્વારા એક માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે. જૂનાગઢ ગીર પશ્ચિમ વન વિભાગની યાદીમાં જણાવ્યા અનુસાર, થોડીક જાગરૂકતા આપણી, બની રહે સલકમત વન્યપ્રાણીઓની અને ખુશહાલી બની રહે આપણા પરિવારની, વન્યપ્રાણી વિચરણ વિસ્તારમાં જાવ ત્યારે અભ્યારણને/વન્ય પ્રાણીને નુકસાન થાય તેવા પદાર્થો તથા પ્લાસ્ટિક લઈ જવાની સખ્ત મનાઈ છે, વન્ય પ્રાણીઓને ઘોંઘાટ પસંદ ન હોય જગલમાં હોર્ન, ટેપ, રેડિયો, માઈક કે કોઈપણ જાતના વાજિંત્રો વગાડવાની સખ્ત મનાઈ છે, જંગલમાં ચૂલા, તાપણા સળગાવવા નહીં તેમજ જંગલમાં આગ લાગે તેવા વિસ્ફોટક પદાર્થો લઈ જવાની સખ્ત મનાઈ છે, રસ્તા પરથી પસાર થતી પ્રાણીઓને રંજાડવા નહી તેમજ ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફીની સખ્ત મનાઈ છે. આ ઉપરોક્ત સૂચનાનું પાલન કરવામાં નહિ આવે તો પ્રવૃત્તિઓના ભંગ બદલ રૂા.૫,૦૦,૦૦૦ સુધીનો દંડ અથવા ૩ થી ૭ વર્ષ સુધીની સજા પણ થઈ શકે છે.

# જન્માષ્ટમી પર્વ પ્રસંગે ભગવાન દ્વારકાધીશ મંદિરે દર્શન માટેના ખાસ કાર્યક્રમનું સમય પત્રક

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા, તા.૧

દેવભૂમિ દ્વારકા ખાતે જન્માષ્ટમી પર્વ પ્રસંગે ભાવિકોને માટે દર્શનના કાર્યક્રમનું સમય પત્રક જાહેર થયું છે જેમાં તા.૭/૮/૨૦૨૩ને ગુરૂવારના રોજ શ્રી દ્વારકાધીશ મંદિર, દ્વારકામાં શ્રી કૃષ્ણ જન્મોત્સાવ દરમ્યાન નીચે મુજબ દર્શનનો સમય રહશે. સર્વે વૈષ્ણવશ્રીઓએ દર્શનનો લાભ લેવા વિનંતી છે.

**તા.૭/૯/૨૦૨૩ના રોજ શ્રીજીના દર્શનના સમયનો સવારનો ક્રમ**

શ્રીજીની મંગલા આરતી દર્શન (૬ કલાકે), મંગલા દર્શન (૬થી ૮ કલાક), શ્રીજીના ખુલ્લે પડદે સ્નાન દર્શન અભિષેક દર્શન (૮ કલાકે), શ્રીજીને સ્નાન ભોગ (દર્શન બંધ) (૧૦ કલાકે), શ્રીજીને શ્રૃંગાર ભોગ (દર્શન બંધ) (૧૦:૩૦ કલાકે), શ્રીજીની શ્રૃંગાર આરતી (૧૧ કલાકે), શ્રીજીનો ગ્વાલ ભોગ (દર્શન બંધ) (૧૧:૧૫ કલાકે), શ્રીજીને રાજભોગ (દર્શન બંધ) ૧૨ કલાકે, અનોસર (બંધ) ૧ થી ૫ કલાક સુધી બપોરે.

**તા.૭/૮/૨૦૨૩ શ્રીજીના દર્શનનો સાંજનો ક્રમ**

ઉત્થાપન દર્શન (૫ કલાકે), શ્રીજીને ઉત્થાપન ભોગ (દર્શન બંધ) ૫:૩૦ કલાકે ૫:૪૫ કલાકે, શ્રીજીને સંધ્યા ભોગ (દર્શન બંધ) ૭:૩૦ કલાકેથી ૭:૪૫ કલાકે, શ્રીજીની સંધ્યા આરતી દર્શન ૭:૪૫ કલાકે, શ્રીજીને શયન ભોગ (દર્શન બંધ) ૮ કલાકે થી ૮:૧૦ કલાકે, શ્રીજીની શયન આરતી દર્શન (૮:૩૦ કલાકે), શ્રીજી શયન અનોસર (દર્શન બંધ) ૯ કલાકે.

**શ્રીજીના જન્મોત્સવ દર્શનનો સમય રાત્રે**

શ્રીજી જન્મોત્સવની આરતી દર્શન ૧૨ કલાકે, શ્રીજી શયન (દર્શન બંધ) ૨:૩૦ કલાકે.

**જન્માષ્ટમી ઉત્સવ શ્રીજીના દર્શનનો સવારનો ક્રમ**

શ્રીજીની મંગલા આરતી દર્શન ૬ કલાકે, મંગળા દર્શન ૬ થી ૮, શ્રીજીના ખુલ્લે પડદે સ્નાન અભિષેક દર્શન ૮ થી ૯, દર્શન બંધ ૯ થી ૯:૩૦, દર્શન ૯:૩૦ થી ૧૦, શ્રીજીને સ્નાન ભોગ (દર્શન બંધ) ૧૦થી ૧૦:૧૫, દર્શન ૧૦:૧૫થી ૧૦:૩૦, શ્રીજીને શ્રૃંગાર ભોગ (દર્શન બંધ) ૧૦:૩૦થી ૧૦:૪૫, શ્રીજીની શ્રૃંગાર આરતી ૧૧ કલાકે, શ્રીજીનો ગ્વાલ ભોગ (દર્શન બંધ) ૧૧:૧૫થી ૧૧:૨૫, દર્શન ૧૧:૨૫ થી ૧૨, શ્રીજીને રાજભોગ (દર્શન બંધ) ૧૨ થી ૧૨:૩૦, દર્શન ૧૨:૩૦ થી ૧, અનોસર (બંધ) ૧ થી ૫ કલાક સુધી બપોરે.

**શ્રીજીના દર્શનનો સાંજના સમયનો ક્રમ**

ઉત્થાપન દર્શન ૫ કલાકે, દર્શન ૫ થી ૫:૩૦, શ્રીજીને ઉત્થાપન ભોગ (દર્શન બંધ) ૫:૩૦થી ૫:૪૫, દર્શન ૫:૪૫ થી ૭:૩૦, શ્રીજીને સંધ્યા ભોગ (દર્શન બંધ) ૭:૩૦ થી ૭:૪૫, શ્રીજીની સંધ્યા આરતી દર્શન ૭:૪૫થી ૮, શ્રીજીને શયન ભોગ (દર્શન બંધ) ૮થી ૮:૧૦, શ્રીજીની શયન આરતી દર્શન ૮:૩૦, શ્રીજી શયન અનોસર (દર્શન બંધ) ૯ કલાકે, અનોસર (બંધ) ૯થી ૧૨ કલાક સુધી.

**શ્રીજીના જન્મોત્સવ દર્શન રાત્રી સમય**

શ્રીજી જન્મોત્સવની આરતી દર્શન ૧૨ કલાકે, શ્રીજી શયન (દર્શન બંધ) ૨:૩૦ કલાકે

**તા.૮/૯/૨૦૨૩ શ્રીજીના દર્શન સવારનો ક્રમ**

શ્રીજીના પારણા ઉત્સવ દર્શન ૭ કલાકે, અનોસર (દર્શન બંધ) ૧:૩૦ કલાકે, સવારના ૧૦:૩૦થી સાંજના ૫ વાગ્યા સુધી (દર્શન) મંદિર બંધ રહેશે.

**શ્રીજીના દર્શનના સમયનો સાંજનો ક્રમ**

ઉત્થાપન દર્શન ૫ કલાકે, નિત્યક્રમ મુજબ દર્શન ૫ થી ૬ કલાક, શ્રીજીની બંધ પડદે અભિષેક પૂજા (પટ/દર્શન બંધ રહેશ) ૬ થી ૭ કલાક, શ્રીજીના દર્શન ૭ થી ૭:૪૫ કલાક, શ્રીજીની સંધ્યા આરતી દર્શન ૭:૪૫ કલાક, શ્રીજીને શયન ભોગ ૮:૧૦ કલાક, શ્રીજીની શયન આરતી દર્શન ૮:૩૦, શ્રીજી શયન ( દર્શન બંધ) ૯:૩૦ કલાકનો રહેશે.



# લોક વિજ્ઞાન કેન્દ્ર ગીર સોમનાથ ખાતે નેશનલ રૂરલ આઈ.ટી.ક્વિઝ તથા નેશનલ સાયન્સ સેમિનાર યોજાયો

(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૧

ગુજકોસ્ટ-ગાંધીનગર પ્રેરિત શ્રી પ્રભાસ કેળવણી મંડળ સંચાલિત શ્રી ધર્મભકિત જિલ્લા લોક વિજ્ઞાનકેન્દ્ર, ગીર સોમનાથ દ્વારા ડી.ઈ.ઓ. કચેરી, ડી.પી.ઈ.ઓ. કચેરી ગીર સોમનાથના સંયુકત ઉપક્રમે ગ્રામ્ય વિસ્તારના બાળકોમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજી ક્ષેત્રે જાગૃતિ આવે, ગામડાના બાળકોમાં જ્ઞાન પિપાસા વધારવા ગીર સોમનાથ જિલ્લાના ધો.૮ થી ૧૨ ના ગ્રામ્ય વિસ્તારના બાળકો માટે જિલ્લા કક્ષા ના નેશનલ રૂરલ આઈ.ટી.ક્વિઝનું તથા નેશનલ સાયન્સ સેમિનારનું આયોજન કરવામાં આવેલ હતું.

આ અંગે માહિતી આપતા લોકવિજ્ઞાન કેન્દ્રના કો-ઓર્ડીનેટર નરેશભાઈ એન. ગુંદરણીયા એ જણાવેલ કે કાર્યક્રમની શરૂઆત સર્વધર્મ પ્રાર્થનાથી કરવામાં આવેલ. ત્યારબાદ મંચસ્થ મહેમાન કાનભાઈ ગઢીયા (પ્રમુખ અ.ભા.કો. સમાજ) દિનેશભાઈ રામાણી (આચાર્ય એમ. જે. સ્વામિનારાયણ હાઈસ્કુલ) તથા આમંત્રિત મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવેલ. રૂરલ આઈ. ટી. ક્વિઝમાં ૫૧ શાળાના ૧૭૩ જેટલા બાળકો ઉત્સાહભેર સામેલ થયા. આ કવિઝમાં વ્યકિતગત બાળકોને ૧૫ જેટલા વૈકલ્પિક પ્રશ્નનો લેખિત સ્વરૂપમાં પૂછવામાં આવેલ. આ ક્વિઝનું સંચાલન પ્રતિકભાઈ ધારૈયા (આદિત્ય બિરલા હાયર સેકન્ડરી સ્કૂલ - વેરાવળ) દ્વારા કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમમાં કુલ ૩૫ શાળાઓના ૧૪૦ બાળકોમાથી શ્રેષ્ઠ ૧૫ બાળકોને રાજયકક્ષાની ક્વિઝ માટે પસંદ કરવામાં આવેલ જેમાં પ્રથમક્રમે પાર્થ જેસાણી તથા આશિષ મોટવાણી (સોમનાથ ઈંગ્લિશ મીડીયમ સ્કુલ - કોડીનાર) દ્વિતીયક્રમે રોહિત યાદવ (આદિત્ય બિરલા હાયર સેકન્ડરી સ્કૂલ-વેરાવળ) તૃતીયક્રમે અંશ પાલ (આદિત્ય બિરલા આયર સેકન્ડરી સ્કૂલ- વેરાવળ) તથા કોરડીયા બ્રિજેશ (શિશુ મંદિર સ્કૂલ- વેરાવળ) આવેલ હતા. જેમને શીલ્ડ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ તેમજ કાર્યક્રમમાં સામેલ તમામ બાળકોને પ્રમાણપત્ર તથા બોલપેન એનાયત કરવામાં આવેલ. શ્રેષ્ઠ ૧૫ વિદ્યાર્થીને રાજયકક્ષાની નેશનલ રૂરલ આઈ.ટી.ક્વિઝમાટે પસંદ કરવામાં આવેલ. તેમજ આ આ સાથેના બીજા કાર્યક્રમ નેશનલ સાયન્સ સેમિનાર વિશે જણાવતા તેમણે જણાવ્યું કે આ વર્ષના સાયન્સ સેમિનારનો વિષય "શ્રી અન્ન : એક શ્રેષ્ઠ આહાર કે ભ્રમણા ?"હતો.











આ સેમિનારમાં ૨૭ શાળાના ૩૭ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.જેમાં પ્રથમ ક્રમાંકે આદિત્ય બિરલા હાયર સેકન્ડરી સ્કુલ-વેરાવળ ની વિદ્યાર્થિની જોષી વિશ્વાબેન સી, દ્વિતીય ક્રમાંકે ધોકડવા માધ્યમિક શાળા- ધોકડવાની વિદ્યાર્થીની શિયાળ ભૂમિકાબેન એ, તથા તૃતીય ક્રમાંકે સરસ્વતી વિદ્યા મંદિર-સુપાસીના વિદ્યાર્થી કામળિયા નિલેશભાઈ બી. આવેલ હતા. આ કાર્યક્રમના નિર્ણાયક તરીકે ડી.ડી પોપટ (ધોકડવા માધ્યમિક શાળા-ધોકડવા ) રાહુલભાઈ ઉપાધ્યાય (શ્રી સરસ્વતી વિદ્યા મંદિર - સુપાસી) પ્રવીણભાઈ મલ્લી (એમ. જે. સ્વામિનારાયણ હાઈસ્કુલ) એ સેવા આપી હતી. કાર્યક્રમના અંતે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓ ને પ્રમાણપત્ર, પેન અને વિજેતાઓને ટ્રોફી આપવામાં આવી હતી.જિલ્લા કક્ષાએ પ્રથમ અને દ્વિતીય ક્રમે આવનાર વિદ્યાર્થી રાજય કક્ષાની સાયન્સ સેમિનાર સ્પર્ધામાં ગીર સોમનાથ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિજ્ઞાન કેન્દ્રના એકેડેમીક કો-ઓર્ડીનેટર વિજયભાઈ કોટડીયા તથા સાયન્સ કોમ્યુનિકેટર ધર્મેશભાઈ મકાણી દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમમાં સામેલ થયેલ તમામ વિદ્યાર્થીઓને સંસ્થાના ચેરમેન શા. સ્વા. ભક્તિપ્રકાશદાસજી તથા સ્વામી ધર્મકિશોરદાસજી દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવેલ હતી.

# સાળંગપુર હનુમાન મંદીર ટ્રસ્ટ માફી માંગે : મહંત શ્રી તનસુખગીરીબાપુ



જૂનાગઢ, તા.૧

જૂનાગઢ નજીક આવેલ ગિરનાર અંબાજી મંદિર અને દત્ત શિખરના મહંત તનસુખગીરીબાપુએ સાળંગપુર હનુમાનની જગ્યા ખાતે હનુમાનજીની પ્રતિમા નીચે જે હનુમાનજીને સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોને વંદન કરતા ફોટા લગાડેલ છે તેની સામે સનાતન હિંદુ સમાજ જયારે એક થઈને સાળંગપુર હનુમાન મંદિરની કુચેષ્ટાસામે જયારે અવાજ ઉઠાવ્યો છે ત્યારે પૂજય તનસુખગીરીબાપુએ પણ પુરા ખેદ સાથે આ ઘટનાને સખ્ત શબ્દોમાં વખોડી અને આ બાબતે સાળંગપુર હનુમાન મંદિર ટ્રસ્ટ પોતાની ભૂલ સુધારી અનેઆ છબીઓ દૂર કરી સનાતન હિંદુસમાજની માફી માંગે તેવી માંગણી કરવામાં આવેલ છે.

# સોમનાથ મહાદેવ સાનિધ્યે પ્રભાસ ખંડ મહાત્મય કથાનો આજથી પ્રારંભ

(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૧

વિશ્વ પ્રસિધ્ધ ભારત બાર જયોર્તિલીંગ પ્રથમ સોમનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટ સહયોગથી સોમનાથમાં અને ગીર સોમનાથમાં પ્રથમવાર સ્કંધપુરાણના પ્રભાસ ખંડ મહાત્મય દર્શાવતી સંપૂર્ણ પાંચ દિવસીય કથા સોમનાથ મંદિર સામેના જુના પથિકાશ્રમ ડોમ ખાતે સાંજના ચારથી સાત યોજાઈ રહી છે. તા.૧/૯/૨૦૨૩ થી તા.૫/૯/૨૦૨૩ સુધી યોજાનારી આ કથાના વ્યાસપીઠે સુપ્રસિધ્ધ કથાકાર શાસ્ત્રી ડો.મહાદેવપ્રસાદ મહેતા કાશી રહેશે. આપણે શિવકથા રામકથા ભાગવત કથાઓ તો સાંભળી હશે પરંતુ ધર્મ તિર્થોમાં જેને પ્રમાણભુત શાસ્ત્રોકત, આધારભૂત ગણવામાં આવે છે તે સ્કંધ પુરાણમાં પ્રભાસ તિર્થ માટે ખાસ અલગ વિસ્તૃત વિભાગ આલેખાયેલ છે અને તે કાળમાં પ્રભાસખંડવિસ્તાર તુલસીશ્યામથી માધવપુર-ઘેડ સુધી હતો અને તે સમયના પ્રભાસ મહાત્મય આ કથામાં પ્રસ્તુત થશે. કથાકાર મહાદેવ પ્રસાદ મહેતાએ આ સ્કંધપુરાણની કથા ગીરનારી સંત કાશ્મીરીબાપુને પણ શ્રવણ કરાવેલ અને પ્રભાસ ખંડનો આવો મહિમા શ્રવણ કર્યા પછી ગીરનારની બહાર કદી ન નીકળતા સંત કાશ્મીરીબાપુ ખાસ સોમનાથ દર્શન કરવા આવેલ. મુળ ગીર સોમનાથના તાલાળાપાસે આવેલ ઉમરેઠી ગામના વતની એવા ડો.મહાદેવ પ્રસાદ શાસ્ત્રી સંસ્કૃત મીડીયમમાં કાશી અભ્યાસ કરેલ છે. તેઓ દર જન્માષ્ટમીએ તેમના પોતાના વતન ઉમરેઠીમાં ધાર્મિક જતન જળવાઈ રહે તે માટે ૧૮ પુરાણોમાંથી એક એક પુરાણ દર વર્ષે ત્રણ કલાક કથા પુરાણની કથા કરી ઉત્સવ પાવનમય બનાવે છે. શાસ્ત્રીજીએ ભગવાન શ્રીકૃષ્ણ વિષે પુસ્તકો તેમજ કવિતાઓ પણ લખી છે. સંસ્કૃત શતક અને ૨૫૦થી વધારે હિન્દી ફિલ્મો-ભજનો-સાખીઓને સંસ્કૃતમાં ઢાળી ગાયનમય, ભજનાનંદી બનાવ્યા છે. સોમનાથ મંદિરેથી કથા સ્થળ સુધી બપોરે ત્રણ વાગ્યા પછી પોથીયાત્રા સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા સાથે કથા સ્થળ જશે. વાલમ ટીવી ચેનલ અને ડો.મહાદેવપ્રસાદની યુટયુબ ચેનલ ઉપરથી લાઈવ પ્રસારણ થશે. સમગ્ર કથામાં પ્રભાસખંડના મંદિરો, સોમનાથ મહાદેવ મંદિરનો શાસ્ત્રોકત, ધર્મ, પુરાણ આધારીત ઈતિહાસ કથા શિવપ્રિય પવિત્ર શ્રાવણમાસામાં શ્રોતાઓને પાવનમય બનાવશે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# શિષ્યવૃત્તિ કૌભાંડ

લઘુમતી સમુદાયના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવાની એક કલ્યાણકારી યોજનામાં વર્ષ દર વર્ષ થયેલા કૌભાંડનો ખુલાસો હેરાન કરનારો તો છે જ, એનાથી ફરીથી એ સચ્ચાઈ સામે આવી ગઈ છે કે નિરીક્ષણની વ્યવસ્થાના અભાવે કઈ રીતે ભ્રષ્ટાચારના ચોર દરવાજા ખૂલતા જાય છે. પહેલા ધોરણથી ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરનારા લઘુમતી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનો લાભ આપવાની યોજના ૨૦૦૭-૦૮માં શરૂ થઈ હતી. આ શિષ્યવૃત્તિ બેશક કેન્દ્ર સરકાર આપે છે, પરંતુ વિદ્યાર્થીઓ અને સંસ્થાઓની ભૌતિક ખરાઈની જવાબદારી રાજ્ય સરકારની છે.

વર્ષોથી ચાલતા આ કૌભાંડ પરથી પડદો મોદીકાળમાં ૨૦૧૬માં ત્યારે ઉઠ્યો જ્યારે શિષ્યવૃત્તિઓનું એક રાષ્ટ્રીય પોર્ટલ બનાવીને તમામ લાભાર્થીઓને એક ડિજિટલ પ્લેટફોર્મ પર લાવવામાં આવ્યા. આ દરમ્યાન લઘુમતી સમુદાયના વિદ્યાર્થીઓને અપાઈ રહેલી શિષ્યવૃત્તિઓમાં અનેક વિસંગતિઓ જોવા મળી, જેમ કે બે લાખથી વધુ બાળકોના રોલ નંબર ૧૦મા અને ૧૨મા ધોરણની પરીક્ષામાં એક જ જોવા મળ્યા. ૧.૩૨ લાખ વિદ્યાર્થીઓને હોસ્ટેલ માટે રકમ આપાઈ રહી હતી, પરંતુ તપાસ કરતાં ખબર પડી કે તમામ હોસ્ટેલો તો કાગળ પર જ હતી, એક જ મોબાઈલ નંબરથી ૨,૨૩૯ શિષ્યવૃત્તિઓ આપવામાં આવી રહી હતી અને બિહારના એક જિલ્લામાં ૯૫ ટકા શિષ્યવૃત્તિ એક સાઈબર સેન્ટરનો માલિક ઉઠાવી રહ્યો હતો!

લઘુમતી મંત્રાલયે તપાસ કરાવી તો ૨૧ રાજ્યોમાં નકલી લાભાર્થી, કાગળિયા પર સંસ્થાઓ અને ખોટાં નામોથી બેંક ખાતાં સામે આવ્યાં. અસમ, ઝારખંડ, છત્તીસગઢ, બિહાર, પંજાબ અને કર્ણાટક આ કૌભાંડમાં સૌથી આગળ જોવા મળ્યા. તપાસમાં કુલ ૧૫૭૨ સંસ્થાઓમાંથી ૮૩૦ એટલે કે ૫૩ ટકા સંસ્થાઓ બનાવટી નીકળી, જે માત્ર કાગળો પર ચાલી રહી હતી. તેમાં સંસ્થા પ્રમુખોથી માંડીને નોડલ ઓફિસર અને જિલ્લા સ્તર સુદ્ધાંના અધિકારીઓની મિલીભગત સામે આવી છે, જેમણે પાંચ વર્ષમાં ૧૪૪.૮૩ કરોડ રૂપિયાના કૌભાંડને અંજામ આપ્યો. હજુ તો માત્ર પાંચ વર્ષનું કૌભાંડ બહાર આવ્યું છે, પરંતુ એ માનવાનાં ઘણાં કારણો છે કે આ કૌભાંડ તો યોજના શરૂ થયાના વર્ષથી જ ચાલતું હશે. સરકારે કૌભાંડની તપાસ સીબીઆઈને સોંપતાં યોગ્ય જ કર્યું છે કે આ કૌભાંડ માત્ર આર્થિક ઉચાપતનો જ મામલો નથી, પરંતુ લઘુમતી શિષ્યવૃત્તિના દુરુપયોગને કારણે તેમાં સુરક્ષાનો પણ ખતરો છે. તપાસથી આ કૌભાંડનું સમગ્ર સત્ય બહાર આવવાની આશા રાખવામાં આવે છે, એ દોષીતો પણ સામે આવશે, જેઓ સખત સજાના હક્કદાર છે.

## શ્રાવણ સત્સંગ

### શિવજીની ઉપાસનાથી રાજર્ષિ વિશ્વામિત્ર બ્રહ્મર્ષિ બન્યા



મહર્ષિ વિશ્વામિત્રનો જન્મ ક્ષત્રિય કુળમાં થયો હતો તે ગાધિરાજના પુત્ર હતા. કુશ વંશમાં તેઓ જન્મેલા હોઈ કૌશિક તરીકે પણ ઓળખાય છે.

એક વખત વિશ્વામિત્ર મોટી સેના સાથે મહર્ષિ વશિષ્ઠના આશ્રમમાં ગયા. વશિષ્ઠજીએ પોતાની ગાય નંદિનીની સહાયતાથી રાજા વિશ્વ મિત્રઅને તેમના સાથિયોનો આદરપૂર્વક વિશેષ આતિથ્ય સત્કાર કર્યો. ગાય નંદિની ઈચ્છીત વસ્તુઓ તત્કાળ આપે તેવી હતી. નંદીની ગાયનો આ પ્રભાવ જાણી વિશ્વામિત્રએ વશિષ્ઠજીને તે ગાય આપવા વિનંતી કરી. પરંતુ મહર્ષિ વરિષ્ઠએ તે નંદિની ગાય આપવા માટેપોતે અસમર્થ હોવાનું જણાવ્યું. પરંતુ નંદિની ગાયને બળપૂર્વક લઈ જવાની કોશિશ કરી.

મહર્ષિ વરિષ્ઠજીની આજ્ઞાથી કામધેનું એવી નંદિનીએ અસંખ્ય સેના ઉત્પન્ન કરી. આ સેનાને જીતવા માટે વિશ્વામિત્ર અસમર્થ થઈ ગયા. ત્યારે વિશ્વામિત્રએ બ્રહ્મબળને શ્રેષ્ઠ માન્યું. બ્રહ્મત્વની પ્રાપ્તિ માટે તેમણે ઘોર તપસ્યા કરી. તેમની તપસ્યા થી પ્રસન્ન થઈ અને બ્રહ્માજીએ તેમને રાજર્ષિનું પદ આપ્યું. તેનાથી વિશ્વામિત્રને સંતોષ ન થયો. તેમની તપસ્યા તેમણે ચાલુ રાખી. તેમનું તપોબળ વધવા લાગ્યું.

તેમના તપોબળનો ભંગ કરવા દેવોએ અપ્સરા મેનકા દ્વારા પ્રયત્ન કર્યો. આ વિઘ્નથી કંટાળી વિશ્વામિત્ર ત્યાંથી હિમાલય પર્વત પર કૌશિકી નદીના કિનારે તપ કરવા ચાલ્યા ગયા. તેમણે ભગવાન સદાશિવજી ઉપાસના કરી. તેમની ઉપાસનાથી પ્રસન્ન થઈ અને શિવજીએ તેમને બ્રહ્મપદ આપ્યું. આમ, રાજર્ષિ વિશ્વામિત્ર શિવજીની કૃપાથી બ્રહ્મર્ષિ બન્યા.

**કનકચંદ્ર છગનલાલ વ્યાસ**
**દેવેન કનકચંદ્ર વ્યાસ**

# સીસીપીએ દ્વારા મેસર્સ આઈક્યુઆરએ આઈએએસ ઈન્સ્ટિટ્યૂટ સામે તાત્કાલિક અસરથી તેમની વેબસાઈટ પરથી ખોટા પ્રશંસાપત્રો અને ગેરમાર્ગે દોરતા દાવાઓને બંધ કરવા આદેશ જારી

## ખોટી અને ગેરમાર્ગે દોરનારી જાહેરાત બદલ રૂા. ૧,૦૦,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો

નવીદિલ્હી તા. ૧

ગ્રાહક સુરક્ષા ધારા, ૨૦૧૯નાં ઉલ્લંઘનને ધ્યાનમાં રાખીને મુખ્ય કમિશનર શ્રીમતી નિધિ ખરે અને કમિશનર શ્રી અનુપમ મિશ્રાની અધ્યક્ષતામાં સેન્ટ્રલ કન્ઝ્યુમર પ્રોટેક્શન ઓથોરિટી (સીસીપીએ)એ મેસર્સ આઈક્યુઆરએ આઈએએસ ઈન્સ્ટિટ્યૂટ સામે યુપીએસસી સિવિલ સર્વિસીસ એક્ઝામમાં વર્ષ ૨૦૧૫-૨૦૧૭નાં વર્ષનાં ટોચનાં રેંક ધારકોનાં ગેરમાર્ગે દોરતાં પ્રશંસાપત્રોની જાહેરાત કરીને ગેરમાર્ગે દોરતી જાહેરાતો અને અયોગ્ય વેપારપ્રથા માટે આદેશ જારી કર્યો હતો.

આ મુદ્દો સીસીપીએના ધ્યાનમાં ૨૦૧૮માં સ્થપાયેલી આઈક્યુઆરએ આઈએએસ ઈન્સ્ટિટ્યૂટની વેબસાઈટ મારફતે ૨૦૧૫ અને ૨૦૧૭માં યુપીએસસી સીએસઈના ટોચના રેંક ધરાવતા ધારકોના પ્રમાણપત્રો દ્વારા તેમના વિદ્યાર્થીઓ તરીકે ઈરાદાપૂર્વક અને ખોટો દાવો કરવામાં આવ્યો હતો, જે હકીકતમાં છેતરામણો છે. તેથી, સીસીપીએએ સુઓ-મોટો સંજ્ઞાન લીધું હતું અને શોધી કાઢ્યું હતું કે ઉપરોક્ત ખોટા દાવાની સાથે સાથે સંસ્થાએ પોતાને એકમાત્ર કોચિંગ એકેડેમી જેમાં ભારતભરમાંથી શ્રેષ્ઠ ફેકલ્ટી છે માટે શ્રેષ્ઠ યુપીએસસી ઓનલાઈન પ્રિલિમ્સ ટેસ્ટ શ્રેણી ૨૦૨૦ પ્રદાન કરે છે, આ રીતે તેને પુણેમાં એક વર્ષની અંદર યુપીએસસીનું ટોચનું કોચિંગ બનાવે છે . તદનુસાર, આઈક્યુઆરએ આઈએએસ ઈન્સ્ટિટ્યૂટને નોટિસ ફટકારવામાંઆવી હતી.

સંસ્થાએ તેના જવાબમાં રજૂઆત કરી હતી કે પુણે અને કાનપુરના ફેકલ્ટી મેમ્બર્સ ઉચ્ચ લાયકાત ધરાવતા હોવાની સાથે સાથે પ્રતિષ્ઠિત પણ છે અને પમાંથી ૪.૬નું ગૂગલ રેટિંગ ધરાવે છે.. વર્ષ ૨૦૨૦ની ટેસ્ટ શ્રેણી તૈયાર કરવામાં આવી હતી તેમની ઉચ્ચ કુશળતા અને સંશોધન ગુણવત્તા સાથે જે શૈક્ષણિક સફળતા હતી. હાલ તેની વેબસાઈટ પરથી આ જાહેરાત હટાવી દેવામાં આવી છે.

સીસીપીએને ગ્રાહકોના એક વર્ગના અધિકારોનું રક્ષણ, પ્રોત્સાહન અને અમલ કરવાની જવાબદારી સોંપવામાં આવી છે અને તેથી ડીજી (ઈન્વેસ્ટિગેશન) સીસીપીએને હાલના મામલે વિસ્તૃત તપાસ માટે વિનંતી કરી છે. તપાસ અહેવાલમાં જાણવા મળ્યું હતું કે, ઓલ ઈન્ડિયા રેંક હોલ્ડર ટીના ડાબી એઆઈઆર-૧, (૨૦૧૫)ના પ્રશંસાપત્રો; અતહર આમિર ઉલ સફી ખાન એઆઈઆર-૨, (૨૦૧૫); હિમાંશુ કૌશિક એઆઈઆર-૭૭, (૨૦૧૫); સૈફિન એઆઈઆર -૫૭૦, (૨૦૧૭)નું આયોજન આઈક્યુઆરએ આઈએએસ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા કરવામાં આવ્યું હતું જેની સ્થાપના પોતે જ ૨૦૧૮માં કરવામાં આવી હતી, જેનાથી ગ્રાહકોને એવું માનવા માટે છેતરવામાં આવ્યા હતા કે આવા સફળ ઉમેદવારો તેમની સફળતા માટે આ સંસ્થાને આભારી છે.

એ ઉલ્લેખ કરવો જરૂરી છે કે આઈક્યુઆરએ આઈએએસ ઈન્સ્ટિટ્યૂટે આવા અતિશયોક્તિભર્યા દાવાઓ કરીને જાણી જોઈને મહત્વપૂર્ણ માહિતીને છુપાવીને તેની સેવાને ખોટી રીતે રજૂ કરી હતી એટલું જ નહીં, પરંતુ ગ્રાહકોના વર્ગને છેતરામણી રીતે તેમની સેવાઓને પ્રોત્સાહન આપવા માટે ગેરમાર્ગે દોરવા માટે સ્પષ્ટ અને ગર્ભિત રજૂઆત પણ કરી હતી. બીજી બાજુ, આઈક્યુઆરએ આઈએએસ ઈન્સ્ટિટ્યૂટે ક્યાંય પણ કોઈ અસ્વીકરણ દર્શાવ્યું નથી અને તેમના દ્વારા કરવામાં આવેલા અન્ય દાવાઓનેસાબિત કરવામાં નિષ્ફળ રહી છે.

જાહેરાતને માન્ય ગણવામાં આવે છે અને જ્યારે તે ઉત્પાદનો અથવા સેવાઓની ઉપયોગિતાને અતિશયોક્તિ કરીને ગ્રાહકોને ગેરમાર્ગે દોરતી નથી ત્યારે તે કપટપૂર્ણ નથી. જાહેરાતમાં ખુલાસો ભૌતિક માહિતીને છુપાવવી જોઈએ નહીં અને કરવામાં આવેલા કોઈપણ દાવાના સંદર્ભમાં ચૂકી જવું મુશ્કેલ હોવું જોઈએ, જેની બાદબાકી અથવા ગેરહાજરી જાહેરાતને છેતરામણી બનાવે છે અથવા તેના વ્યવસાયિક ઉદ્દેશને છુપાવે તેવી સંભાવના છે. વિભાગે ગેરમાર્ગે દોરતી જાહેરાતો, માટે ગેરમાર્ગે દોરનારી જાહેરાતો અને સમર્થન નિવારણ માટેની માર્ગદર્શિકા, ૨૦૨૨ પહેલેથી જ જારી કરી દીધી છે, અને નવેમ્બર ૨૦૨૨માં ગ્રાહકોના હિતની સુરક્ષા અને રક્ષણ માટે બનાવટી, છેતરામણી અને ગેરમાર્ગે દોરતી સમીક્ષાઓને રોકવા માટે ઓનલાઈન ગ્રાહક સમીક્ષાઓ પર માળખું સૂચિત કર્યું છે.

સીસીપીએ દેશના ખૂણે-ખૂણે ગ્રાહકોના એક વર્ગના અધિકારોનું રક્ષણ કરવા માટે કામ કરી રહ્યું છે અને તેથી આઈક્યુઆરએ આઈએએસ ઈન્સ્ટિટ્યૂટને આદેશ જારી કરીને ગેરમાર્ગે દોરતા પ્રશંસાપત્રોની આડમાં ખોટા દાવાઓ બંધ કરવા તેમજ ગેરમાર્ગે દોરતી જાહેરાતો અને અયોગ્ય વેપાર પ્રથા બદલ રૂા. ૧,૦૦,૦૦૦નો દંડ ફટકાર્યો હતો.

# ગુજરાત સરકાર મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના હેઠળ મહિલાઓને એક લાખ રૂપિયાની રકમ આપી રહી છે



અમદાવાદ,તા.૩૧

ગુજરાતમાં સરકારે મહિલાઓ માટે ઘણી યોજનાઓ શરૂ કરી છે.આમાંનીએક મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના છે.જેનો ઉદ્દેશ્ય મહિલાઓને ૧ લાખ રૂપિયા સુધીની વ્યાજમુક્ત રકમ આપવાનો છે. આ યોજના મહિલાઓને આર્થિક રીતે મજબૂત બનાવવામાં મદદ કરશે. તમને જણાવી દઈએ કે સરકાર આ ૧ લાખ રૂપિયા મહિલાઓને પોતાનો બિઝનેસ શરૂ કરવા માટે આપી રહી છે. જો તમે પણ આ યોજનાનો લાભ લેવા માંગતા હોવ તો નીચે તમામ માહિતી આપવામાં આવી છે.

મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના હેઠળ મહિલાઓને ૧ લાખ રૂપિયા સુધીની લોન આપવામાં આવશે અને તેમને આ રકમ પર કોઈ વ્યાજ ચૂકવવું પડશે નહીં.

યોજના હેઠળ આપવામાં આવેલી રકમથી મહિલાઓ પોતાનો વ્યવસાય શરૂ કરી શકશે અને આર્થિક રીતે મજબૂત બનશે.

મહિલા ઉત્કર્ષ યોજના હેઠળ મહિલાઓને ૧૦ લાખ રૂપિયા સુધીની લોન આપવામાં આવશે.

આ સિવાય JLEGમાં નોંધાયેલા જૂથને ૧ કરોડ સુધીની નાણાકીય સહાય આપવામાં આવશે.

મહિલાઓને આ આર્થિક સહાયથી મહિલા સશક્તિકરણને પણ વેગ મળશે.

**યોજના માટે જરૂરી પાત્રતા**

યોજનાનો લાભ લેનાર મહિલા ગુજરાતની કાયમી નિવાસી હોવી જોઈએ.

આ સિવાય આ યોજનાનો લાભ લેવા માટે મહિલાનું સ્વ-સહાય જૂથમાં હોવું ફરજિયાત છે.

સ્વ-સહાય જૂથમાં ઓછામાં ઓછી ૧૦ મહિલાઓ હોવી જોઈએ.

આ યોજના માટે જરૂરી દસ્તાવેજો આવશ્યક છે, જેના માટે તમારી પાસે આધાર કાર્ડ, રેશન કાર્ડ, આવક પ્રમાણપત્ર, સરનામાનો પુરાવો, બેંક એકાઉન્ટ, મોબાઈલ નંબર, પાસપોર્ટ સાઈઝના બે ફોટા હોવા જરૂરી છે.

## હિંગોલીમાં જનસભાને ઉદ્ધવ ઠાકરેનું સંબોધન

# નિષ્ફળતાથી ધ્યાન હટાવવા ભાજપ કંઈ પણ કરી શકે છે



હિંગોલી, તા.૧

શિવસેના (યુબીટી)ના પ્રમુખ અને મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ દેશમાં સાંપ્રદાયિક તણાવ પેદા કરવાના પ્રયાસો સામે લોકોને ચેતવણી આપી અને દલીલ કરી કે ભાજપ પોતાની સરકારની નિષ્ફળતાઓ પરથી લોકોનું ધ્યાન હટાવવા માટે કંઈ પણ કરી શકે છે. અહેવાલ અનુસાર મહારાષ્ટ્રના હિંગોલીમાં એક વિશાળ જનસભાને સંબોધિત કરતી વખતે ઉદ્ધવ ઠાકરેએ કહ્યું, “હું એમ નથી કહી રહ્યો, પૂર્વ રાજ્યપાલ સત્યપાલ મલિક કે જેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નજીકના હતા અને તૃણમૂલના સાંસદ મહુઆ મોઈત્રાએ કહ્યું છે કે ભાજપ ૨૦૨૪ની ચૂંટણી જીતવા માટે કંઈપણ કરી શકે છે. તેમણે ૨૦૧૯માં પુલવામાની ઘટના અંગે પ્રશ્નો ઉઠાવ્યા છે અને આશંકા વ્યક્ત કરી છે કે અયોધ્યામાં રામ મંદિરના ઉદ્ઘાટન બાદ મોટાપાયે કોમી રમખાણો ફાટી શકે છે. લોકોને સાવધ રહેવાનું કહેતાં શિવસેના (યુબીટી) પ્રમુખે કહ્યું, “તેઓ ગૌરવપૂર્ણ હિંદુ હોવાનો ગર્વ અનુભવે છે પરંતુ હિંદુ હોવાનો મતલબ મુસ્લિમો સાથે ભેદભાવ નથી. મને ભાજપના કોઈ સર્ટિફિકેટની જરૂર નથી. તેઓ કહે છે કે હું હિન્દુત્વથી ભાગી ગયો છું, ખોટું. હું મુસ્લિમોની વિરુદ્ધ નથી. હું દેશદ્રોહીઓની વિરુદ્ધ છું. દેશદ્રોહીઓને ફાંસી આપો પણ જય શ્રી રામ બોલવાથી તમે હિન્દુ નથી બની જતા. હિંદુઓ માટે નોકરી ક્યાં છે?"ભાજપ પર પ્રહાર કરતા તેમણે વધુમાં કહ્યું કે, “તમે (નરેન્દ્ર મોદી) કહો છો કે સૌનો સાથ સૌનો વિકાસ પરંતુ ખરા અર્થમાં તો તે દરેકને લાત એ પોતાના મિત્રોનો વિકાસ છે. તમે સુનિશ્ચિત કરો છો કે તમારા મિત્રોને ભારત અને વિદેશમાં બધું જ મળે, કોન્ટ્રાક્ટ, કંપનીઓ અને સંસાધનો... બધું જ તમારા મિત્રો માટે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈન્ડિયાને અહંકારી ગણાવ્યું હતું.

## વૈજ્ઞાનિકોએ શોધી કાઢ્યું છે કે, યુરોપ અને ઉત્તર અમેરિકામાં મૂળભૂત રીતે જંતુઓની સંખ્યામાં ઘટાડો થયો છે, ૮૩ અભ્યાસોની સમીક્ષાના આધારે

# પતંગીયાની સંખ્યા ઘટાડવા માટે માનવ પ્રવૃત્તિઓ જવાબદાર



નવી દિલ્હી, તા.૧

પતંગીયાઓનો આપણા પર્યાવરણ સાથે સાથે માણસોના અસ્તિત્વ સાથે પણ ઊંડો સંબંધ હોય છે. તેમની વસ્તી અને વિવિધતામાં થતા ફેરફારો સમગ્ર વિશ્વના પર્યાવરણને અસર કરે છે. જર્મનીના એક સંશોધનમાં જાણવા મળ્યું છે કે, યુરોપ અને વિશ્વના અન્ય ઘણા વિસ્તારોમાં શલભની સંખ્યામાં ઝડપથી ઘટાડો થયો છે, અને તેમાંથી મોટા ભાગના જંતુઓના રહેઠાણને અસર કરતી માનવ પ્રવૃત્તિઓ માટે સીધી રીતે જવાબદાર છે. સંશોધનમાં ૮૨ અગાઉના અપ્રકાશિત અભ્યાસોની સમીક્ષા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું, જેમાં જંતુઓના બે જૂથોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. તાજેતરના વર્ષોમાં, આ વિસ્તારોમાં જંતુઓની વિપુલતા અને વિવિધતામાં ઘટાડો ચિંતાજનક બની ગયો છે. જર્મનીની રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ફોર ઈકોસિસ્ટમ એનાલિસિસ એન્ડ એસેસમેન્ટના નેતૃત્વમાં વૈજ્ઞાનિકોની ટીમે આ અભ્યાસમાં શોધી કાઢ્યું છે કે, વસ્તીમાં ઘટાડો થવાનો આ વલણ ખૂબ જ જટિલ છે. કારણ કે કેટલીક પ્રજાતિઓ ઘટવાને કારણે બીજી કેટલીક પ્રજાતિઓને સ્પર્ધાનો લાભ મળ્યો અને તેમની વસ્તી વધી છે. જ્યારે ઉણપના કારણો ઘણા હતા, પરંતુ સ્પષ્ટ ન હતા, ત્યારે તેનો સામનો કરવો એ એક પડકારજનક કાર્ય બની ગયું છે. આ મુદ્દાને સ્પષ્ટ કરવા માટે, સંશોધકોએ ૮૨ હાલના અભ્યાસોની સમીક્ષા કરી હતી, જે મધ્ય અને પશ્ચિમ યુરોપમાં વસતીમાં પરિવર્તન તરફ દોરી રહેલા પરિબળો પર ધ્યાન કેન્દ્રિત કરે છે, બે મોટા જૂથો કેરાબીડે (ગ્રાઉન્ડ બીટલ) અને લેપિડોપ્ટેરા (પતંગિયા અને શલભ) હતા. જ્યારે કેટલાક અભ્યાસો એક જૂથ તરફ જોતા હતા, જ્યારે અન્યોએ બંને જૂથોને જોયા હતા. પરંતુ તમામમાં છેલ્લા છ વર્ષના વસ્તી સર્વેલન્સ ડેટાનો સમાવેશ થાય છે, અને યુકે, જર્મની અને નેધરલેન્ડ્સમાં મોટાભાગે ખેતીની જમીન પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. જેમાં પૃથ્થકરણમાં બંને જંતુ જૂથોની વિવિધતા અને વિપુલતામાં વધારો અને ઘટાડો બંને જોવા મળે છે. આ ઘટાડો વધુ વ્યાપક હતો, જે મધ્ય અને પશ્ચિમ યુરોપમાં ઘટી રહેલા વલણને રેખાંકિત કરે છે. વધુમાં, સંશોધકોએ શોધી કાઢ્યું કે, માનવ પ્રવૃત્તિઓ જંતુઓની વસ્તીમાં ફેરફારનું મુખ્ય પરિબળ છે, ક્યાં તો વધે છે અથવા ઘટે છે. જેમાં કૃષિ પ્રવૃત્તિઓ, શહેરીકરણ, આબોહવા પરિવર્તન, કુદરતી સંરક્ષણ જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. જ્યાં મોટાભાગની પ્રવૃત્તિઓ જીવાતોને સીધી અસર કરતી નથી.

પરંતુ તેઓ ચોક્કસપણે તેમના નિવાસસ્થાનને અસર કરે છે. તપાસના પરિણામો પરથી, આપણે આપણી પ્રવૃત્તિઓ કેવી રીતે રાખવી અને તેનું આયોજન કરવું તે અંગેની માહિતી મેળવી શકીએ છીએ, જેથી જરૂરિયાતોને પહોંચી વળવાની સાથે કુદરતી જીવસૃષ્ટિને થતું નુકસાન ઓછું થાય. પરંતુ જંતુઓની વસ્તીમાં થતા ફેરફારો વધુ સંશોધનો છે. સામેલ તમામ પરિબળોને જાણવાની જરૂર છે. સંશોધકો કહે છે કે, જંતુઓની સંખ્યામાં ઘટાડાનું મૂળ કારણ શોધવું એ એક પડકારજનક કાર્ય છે કારણ કે, તે પ્રક્રિયાઓને સમજવાની જરૂર પડશે જે વર્ષોથી અને દાયકાઓથી પણ થઈ રહી છે. આ અભ્યાસમાં, સંશોધકોએ યુરોપમાં જંતુઓના ઘટાડા માટે જવાબદાર પરિબળોને ઓળખવા માટે ખૂબ જ લાંબા સમય સુધી ડેટા પ્રકાશિત કર્યો. આ અભ્યાસ PLsONE માં પ્રકાશિત થયો છે.

# ૨૬ ઓક્ટોબરથી ૪ નવેમ્બર સુધી પ્રાથમિક સ્કૂલોમાં પ્રથમ કસોટી લેવાશે

અમદાવાદ, તા.૧

રાજ્યની પ્રાથમિક સ્કૂલોમાં પ્રથમ સત્રાંત કસોટી ૨૬ ઓક્ટોબરથી શરૂ થશે અને ૪ નવેમ્બરના રોજ કસોટી પૂર્ણ થશે. પ્રથમ સત્રાંત કસોટીને લઈને જાહેર કરવામાં આવેલા સુચિત કાર્યક્રમ બાદ હવે ફાઈનલ કાર્યક્રમ અને તેને લગતી સુચનાઓ જાહેર કરવામાં આવી છે. પ્રથમ સત્રાંત કસોટીમાં ધોરણ-૩થી ૫માં ૪૦ ગુણ અને ધોરણ-૬થી ૮માં ૮૦ ગુણની પરીક્ષા લેવામાં આવશે. ૪ નવેમ્બરના રોજ પરિક્ષા પૂર્ણ થયા બાદ ૯ નવેમ્બરથી પ્રાથમિક સ્કૂલોમાં દિવાળી વેકેશનનો પ્રારંભ થશે. GCERT દ્વારા પ્રાથમિક સ્કૂલોમાં લેવામાં આવનારી પ્રથમ સત્રાંત કસોટી અંગે એક માસ પહેલા સુચિત કાર્યક્રમ જાહેર કર્યો હતો. ત્યારબાદ હવે ફાઈનલ કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જે મુજબ પ્રાથમિક સ્કૂલોમાં પ્રથમ સત્રાંત કસોટીનો ૨૬ ઓક્ટોબરથી પ્રારંભ કરવામાં આવશે અને ૪ નવેમ્બરના રોજ પ્રથમ કસોટી પૂર્ણ થશે. ૯ નવેમ્બરથી દિવાળી વેકેશનનો પ્રારંભ થવાનો હોવાથી તે પહેલાં તમામ પરીક્ષાઓ પૂર્ણ કરવાનું આયોજન કરાયું હોવાનું જાણવા મળે છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

મનુષ્યના કર્મો જ તેના વિચારોની સાચી વ્યાખ્યા છે.
- લોંક

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.ફરવરદીન-૧૩૯૩, મુ. સફર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, શ્રાવણ વદ-૨ પંચક, જીવંન્તિકા પૂજન, હિંડોળા સમાપ્ત તા.૧ સપ્ટેમ્બર ૨૦૨૩, શુક્રવાર, પારસી તા.૧૭, મુસ્લિમ તા.૧૫, પૂર્વાભાદ્રપ્રદા નક્ષત્ર, ધૃતિ યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૬:૩૪, સૂ.અ.૭:૦૮

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ), સવારે ૯:૩૮ ક. પછી જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : આરોગ્ય બાબતે સંભાળવું. નાણાંકીય કટોકટી અનુભવાય.
વૃષભ :મનની મૂંઝવણ દૂર થાય. મહત્વના કાર્યમાં પ્રગત્તિ થાય.
મિથુન :વિશ્વાસે વહાણ ન ચલાવવું. આરોગ્ય બાબતે સંભાળવું.
કર્ક : મનમાં આનંદ રહે. જમીન, મકાન, વાહનાને સાંબંધિત કાર્યમાં સાફળતા મળે.
સિંહ : માનસિક અશાંતિ રહે. શેર-સટ્ટાથી દૂર રહેવું હિતાવહ.
કન્યા : કાર્યબોજમાં વધારો થાય. હિતશત્રુઓથી સાવધ રહેવું.
તુલા : વડીલ વર્ગ સાથે વાણી ઘર્ષણ થાય. ધંધાકીય પ્રગતિ રૂંધાય.
વૃશ્ચિક :ખર્ચના ભોગ બનવું પડે. પ્રવાસ-પર્યટન ટાળવો હિતાવહ.
ધન: વાણી સંયમ જાળવવો હિતાવહ. કોર્ટ-કચેરીના કાર્યથી દૂર રહેવું.
મકર: વડીલ વર્ગ દ્વારા લાભ થાય. સામાજિક કાર્યમાં સફળતા મળે.
કુંભ : ગૃહવિવાદ, વ્યાપાર-ધંધામાં પ્રગત્તિ થાય.
મીન : કંટાળાજનક દિવસ વ્યતિત થાય. આવકનું પ્રમાણ ઘટે.

# સ્વ-નિર્ણય મુજબ કરવામાં આવેલા લગ્નો માટે સાર્વજનિક સમારોહ અથવા ઘોષણાની જરૂર નથી : સુપ્રીમ કોર્ટે મદ્રાસ હાઈકોર્ટના ચુકાદાને રદિયો આપ્યો

નવી દિલ્હી તા.૧

સુપ્રીમ કોર્ટે જીવનસાથી પસંદ કરવાના વ્યક્તિના મૂળભૂત અધિકારને સમર્થન આપતા, મદ્રાસ હાઈકોર્ટના એક ચુકાદાને રદિયો આપ્યો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે હિંદુ મેરેજ એક્ટ ૧૯૫૫ મુજબ વકીલોની ઓફિસમાં કરવામાં આવતા લગ્નો માન્ય નથી. સુપ્રીમ કોર્ટ સમક્ષ આ કેસ કલમ 7A મુજબ સ્વ-લગ્ન પ્રણાલી પર આધારિત હતો, જે તમિલનાડુના સુધારા દ્વારા હિંદુ મેરેજ એક્ટમાં દાખલ કરવામાં આવ્યો હતો. આ કલમ મુજબ, બે હિંદુઓ ધાર્મિક વિધિઓનું પાલન કર્યા વિના અથવા તેમના મિત્રો અથવા સંબંધીઓ અથવા અન્ય વ્યક્તિઓની હાજરીમાં લગ્નની ઘોષણા કરીને પૂજારી દ્વારા ધાર્મિક વિધિ વિના લગ્ન કરી શકે છે. ૨૦૧૪માં, એસ. બાલકૃષ્ણન પાંડિયન કેસમાં મદ્રાસ હાઈકોર્ટની ડિવિઝન બેન્ચે કહ્યું હતું કે એડવોકેટ્સ દ્વારા કરવામાં આવેલા લગ્નો માન્ય નથી અને સુયમ્મર્યાથાઈ લગ્ન (સ્વ-સન્માન લગ્ન) ગુપ્તતામાં કરી શકાય નહીં. આ ચુકાદાને પગલે, ૫ મે, ૨૦૨૩ના રોજ, મદ્રાસ હાઈકોર્ટે ઈલાવર્સન વિરૂદ્ધ પોલીસ અધિક્ષક અને અન્યોએ એડવોકેટ દ્વારા જારી કરાયેલા સ્વ-સન્માન લગ્ન પ્રમાણપત્ર ઉપર આધાર રાખવાનો ઈન્કાર કર્યો હતો અને એક વ્યક્તિ દ્વારા દાખલ કરવામાં આવેલી હેબિયસ કોર્પસ પિટિશનને ફગાવી દીધી હતી. હાઈકોર્ટે એવો પણ નિર્દેશ આપ્યો હતો કે બાર કાઉન્સિલે આવા "બનાવટી લગ્ન પ્રમાણપત્રો" જારી કરનારા વકીલો સામે શિસ્તભંગની કાર્યવાહી શરૂ કરવી જોઈએ. આ ચુકાદાથી નારાજ અરજદારે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો. સ્પેશિયલ લીવ પિટિશનને ધ્યાનમાં લેતા, જસ્ટિસ એસ રવિન્દ્ર ભટ અને અરવિંદ કુમારની બેન્ચ બાલકૃષ્ણન પાંડિયનના અભિપ્રાય સાથે અસંમત હતી.

કલમ 7-A : સુયમ્મર્યથાળ અને સીર્તિરૂથ લગ્ન અંગે વિશેષ જોગવાઈ

(૧) આ કલમ કોઈપણ બે હિંદુઓ વચ્ચેના કોઈપણ લગ્નને લાગુ પડશે, પછી ભલેને તે સુયમરિયાથાઈ લગ્ન કે સતીર્થીરુથ લગ્ન કહેવાય અથવા અન્ય કોઈ નામથી, સંબંધીઓ, મિત્રો અથવા અન્ય વ્યક્તિઓની હાજરીમાં સંપન્ન થાય.

સર્વોચ્ચ અદાલતે નોંધ્યું હતું કે નાગલિંગમ વિ શિવગામી (૨૦૦૧) ૭ SCC ૪૮૭માં કલમ 7Aને સર્વોચ્ચ અદાલતે માન્ય રાખ્યું હતું. તેણે વધુમાં અવલોકન કર્યું હતું કે પાંડિયનમાંનો અભિપ્રાય એવી ધારણા ઉપર આધારિત હતો કે દરેક લગ્ન માટે જાહેર સમારંભ અથવા ઘોષણા જરૂરી છે. કોર્ટે અવલોકન કર્યું હતું કે લગ્ન કરવા ઈચ્છતા યુગલો વિવિધ કારણોસર, જેમ કે કૌટુંબિક વિરોધ અથવા તેમની સલામતી માટેના ડરને લીધે જાહેર ઘોષણા કરવાનું ટાળી શકે છે. આવા કિસ્સાઓમાં, જાહેર ઘોષણા લાગુ કરવાથી જીવન જોખમમાં આવી શકે છે. બાલકૃષ્ણન પાંડિયનમાં મદ્રાસ હાઈકોર્ટ દ્વારા વ્યક્ત કરવામાં આવેલો અભિપ્રાય ભૂલ ભરેલો છે. તે એવી ધારણા પર આધારિત છે કે દરેક લગ્ન માટે સાર્વજનિક સમારોહ અથવા ઘોષણા જરૂરી છે. આવો દૃષ્ટિકોણ એકદમ સરળ છે કારણ કે ઘણીવાર માતાપિતાના દબાણને કારણે, યુગલો આવી જાહેર ઘોષણા કરી શકશે નહીં, કારણ કે આમ



કરવાથી તેમના જીવન જોખમમાં આવશે અને સંભવતઃ બળજબરીથી અલગ થવાના જોખમમાં પરિણમી શકે છે. કોર્ટે તેના ચુકાદામાં તેમના પરિવારની મરજી વિરૂદ્ધ લગ્ન કરનારા યુગલોને જે જોખમોનો સામનો કરવો પડે છે તેના સંદર્ભમાં ટિપ્પણી કરી હતી. પુખ્ત વયના અને સ્વતંત્ર ઈચ્છા ધરાવતા બે વ્યક્તિઓ માટે તે બંધારણની કલમ ૨૧ હેઠળના અધિકારનું પણ ઉલ્લંઘન કરે છે. કોર્ટે સુપ્રીમ કોર્ટના વિવિધ દાખલાઓનો પણ ઉલ્લેખ કર્યો છે જેમાં કલમ ૨૧ હેઠળ જીવનસાથી પસંદ કરવાના અધિકારને મૂળભૂત અધિકાર તરીકે માન્યતા આપવામાં આવી હતી અને હાઈકોર્ટના અભિપ્રાયને ખોટો ગણાવતા કોર્ટે તેને રદિયો આપ્યો હતો. કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે વકીલાતમાં ઘણી ક્ષમતાઓ હોય છે. તેઓ કોર્ટના અધિકારીઓ હોય છે. સલાહકાર/એડવોકેટ તરીકે કામ કરતી વખતે, તેમની અંગત ક્ષમતામાં મિત્રો તરીકે સંબંધીઓ તરીકે, સાક્ષી તરીકેની તેમની ભૂમિકાને નકારી શકાય નહીં. આ કેસમાં કોર્ટે મહિલાના સ્ટેન્ડ અંગે જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ પાસેથી રિપોર્ટ મંગાવ્યો હતો. મહિલાએ નિવેદન આપ્યું હતું કે તે અરજદાર સાથે રહેવા માંગે છે. આ અહેવાલના આધારે કોર્ટે આ અરજીને મંજૂરી આપી હતી અને હાઈકોર્ટના નિર્ણયને રદ કર્યો હતો.

## દિલ્હી : CBIએ એક્સાઈઝ પોલિસી કૌભાંડ સંદર્ભમાં રૂા.પાંચ કરોડના લાંચ કેસમાં EDના આસિસ્ટન્ટ ડાયરેક્ટર સામે ગુનો નોંધ્યો

નવીદિલ્હી, તા.૧

સીબીઆઈએ એક્સાઈઝ પોલિસી કૌભાંડ કેસમાં કાર્યવાહીથી બચવા માટે દારૂના વેપારી અમનદીપ ધલ દ્વારા પાંચ કરોડ રૂપિયાની કથિત લાંચના સંબંધમાં EDના સહાયક નિયામક પવન ખત્રી વિરુદ્ધ FIR નોંધી છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. બંને ઉપરાંત એજન્સીએ એર ઈન્ડિયાના આસિસ્ટન્ટ જનરલ મેનેજર દીપક સાંગવાન, ક્લેરિજ હોટેલ્સ એન્ડ રિસોર્ટ્સના સીઈઓ વિક્રમાદિત્ય, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પ્રવીણકુમાર વત્સ અને અન્ય બે EDમાં ક્લાર્ક નિતેશ કોહર અને ધલના પિતા બિરેન્દરપાલ સિંહના નામ પણ આપ્યા છે તેમણે જણાવ્યું. અધિકારીઓએ જણાવ્યું હતું કે, એફઆઈઆર નોંધાયા બાદ સીબીઆઈએ આરોપીઓના પરિસરમાં છ સ્થળોએ શોધખોળ હાથ ધરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આરોપી ED અધિકારીમાંથી એક પણ એક્સાઈઝ કૌભાંડ કેસની તપાસનો ભાગ ન હતો પરંતુ સર્ચ દરમ્યાન તેમની પાસેથી કેસ સંબંધિત સામગ્રી મળી આવી હતી. કેન્દ્રીય તપાસ એજન્સીએ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની ફરિયાદ ઉપર કેસ સંભાળ્યો હતો, જેમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે સિંઘે એક્સાઈઝ પોલિસી કેસમાં ધલને મદદ કરવા માટે ડિસેમ્બર ૨૦૨૨થી ૫૦ લાખ રૂપિયાના તબક્કામાં વત્સને પાંચ કરોડ રૂપિયાની લાંચ આપી હતી.



CBI એ IPC કલમ ૧૨૦-બી અને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની જોગવાઈઓ હેઠળ કેસ નોંધ્યો છે. કથિત એક્સાઈઝ કૌભાંડની તપાસ દરમ્યાન અધિકારીઓએ જણાવ્યું હતું કે, EDને કેસને પ્રભાવિત કરવા માટે એજન્સીના વરિષ્ઠ અધિકારીઓના નામે મોટાપાયે લાંચની આપ-લેની માહિતી મળી હતી.

માહિતીના આધારે એજન્સીએ ૪ જુલાઈના રોજ આરોપીઓના પરિસરમાં સર્ચ હાથ ધર્યું હતું અને શંકાસ્પદોની પૂછપરછ કરી હતી, જેમાં પ્રાથમિક દૃષ્ટિએ આરોપીઓ દ્વારા લાંચ અને ભ્રષ્ટાચારનું સૂચન કરવામાં આવ્યું હતું, એમ તેઓએ ઉમેર્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ઈડીના સર્ચના પરિણામે વત્સના પરિસરમાંથી રૂા.૨.૧૯ કરોડની રોકડ (કુલ રૂા.૫ કરોડમાંથી) અને ૬ જાન્યુ.એ સંગવાનના પરિસરમાંથી કૌભાંડના કેસમાં તેના દ્વારા દાખલ કરાયેલી પૂરક ફરિયાદના ૯૯ પાના પણ મળી આવ્યા હતા. એજન્સીને તેના મદદનીશ નિયામક ખત્રીના પરિસરમાંથી કૌભાંડના કેસ-સંબંધિત દસ્તાવેજો પણ મળ્યા હતા, જે દર્શાવે છે કે, તે આ કેસમાં અયોગ્ય રસ લઈ રહ્યો હતો, CBI FIRમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો.

## સ્કૂલો દ્વારા થતી નામ-અટક સહિતના ફેરફારની દરખાસ્તો ભૂલ ભરેલ

અમદાવાદ, તા.૧

શાળાઓ દ્વારા કરવામાં આવતી વિદ્યાર્થીઓના નામ, અટક અને જાતિમાં ફેરફાર કરવા સહિતની દરખાસ્તો ભૂલ ભરેલી હોવાનું ખૂલ્યું છે. ક્ષતિપૂર્ણ દરખાસ્તના પગલે સમયસર મંજુરી સહિતની કામગીરીમાં વિલંબ થાય છે. ઉપરાંત શાળા દ્વારા આ મુદ્દે વાલીઓને પણ સ્કૂલમાં મોકલવામાં આવતા હોવાનું સામે આવ્યું છે. જેના પગલે ડીઈઓ કચેરી દ્વારા આ તમામ પ્રશ્નોના નિરાકરણ માટે કાર્યપદ્ધતિ નક્કી કરી છે. જેમાં શાળાઓ દ્વારા જરૂરી આધાર સાથે કચેરીમાં દરખાસ્ત કરવાની રહેશે. દરખાસ્ત અંગેની કાર્યવાહી કરવા માટે ડીઈઓ કચેરી દ્વારા ક્યુઆર કોડ પણ આપવામાં આવ્યો છે, જેની મદદથી સ્કૂલો દરખાસ્ત કરી શકશે. રાજ્યની ઘણી શાળાઓ દ્વારા LC ઉપર કાઉન્ટર સાઈન તેમજ વિદ્યાર્થીઓના નામ, અટક અને જાતિમાં ફેરફાર કરવાની દરખાસ્ત ક્ષતિપૂર્ણ અને અધુરાશ ભરી જોવા મળે છે. જેના કારણે સમયસર મંજૂરી આપવામાં મુશ્કેલી ઉભી થતી હોવાનું અને બિનજરૂરી વિલંબ થતો હોવાનું જાણવા મળેલ છે. શાળા દ્વારા અરજદારોને આ મુદ્દાને લઈને ડીઈઓ કચેરી ખાતે મોકલવામાં આવે છે, જે અયોગ્ય છે. આમ ન બને તે માટે ડીઈઓ કચેરી દ્વારા કાર્યપદ્ધતિ નક્કી કરવામાં આવી છે અને સ્કૂલોને તેનું પાલન કરવા માટે સુચના અપાઈ છે. ડીઈઓ કચેરી દ્વારા નક્કી કરવામાં આવેલી કાર્યપદ્ધતિ અનુસાર, શાળા દ્વારા જ જરૂરી આધારો સાથે ડીઈઓ કચેરીમાં દરખાસ્ત મોકલવાની રહેશે.

દરખાસ્ત માત્ર શાળાના જવાબદાર અને જાણકાર કર્મચારીઓ દ્વારા જ રજૂ કરવાની રહેશે ડીઈઓ કચેરી દ્વારા આપેલી દરખાસ્તના વાંધા શાળાએ પરત મેળવી સત્વરે પુર્તતા કરી ફરીથી દરખાસ્ત કચેરીને રજૂ કરવાની રહેશે.

## બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાન એશિયા કપમાં મોટી ટીમો માટે ખતરો બની શકે છે

નવીદિલ્હી,તા.૧

બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાન અનુક્રમે ૧૯૮૬ અને ૨૦૧૪થી એશિયા કપમાં ભાગ લઈ રહ્યા છે. ભલે બંને ટીમો એશિયા કપ જીતવામાં સફળ ન રહી હોય પરંતુ આ ટુર્નામેન્ટમાં તેણે મોટી ટીમોને હારનો આંચકો જરૂરથી આપ્યો છે. બાંગ્લાદેશે એશિયા કપના વન-ડે ફોર્મેટમાં ભારત અને પાકિસ્તાન જેવી ટીમોને હરાવી છે. આ સાથે જ અફઘાનિસ્તાનની ટીમે બાંગ્લાદેશ અને શ્રીલંકાને પણ હરાવ્યું છે. ૨૦૧૮ એશિયા કપમાં બાંગ્લાદેશની ટીમે પાકિસ્તાનને હરાવ્યું હતું. તે મેચમાં બાંગ્લાદેશની ટીમ પ્રથમ બેટિંગ કરતા ૨૩૯ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. બીજી બેટિંગ કરવા આવેલી પાકિસ્તાનની ટીમ ટાર્ગેટ હાંસલ કરવામાં નિષ્ફળ રહી અને ૫૦ ઓવરમાં માત્ર ૨૦૦ રન જ બનાવી શકી હતી. અફઘાનિસ્તાને પ્રથમ વખત વર્ષ ૨૦૧૪ના એશિયા કપમાં ભાગ લીધો હતો. તે ડેબ્યૂ સિઝનમાં જ તેણે બાંગ્લાદેશને હરાવ્યું હતું. મેચમાં અફઘાનિસ્તાનની ટીમે પ્રથમ બેટિંગ કરતા ૬ વિકેટના નુકસાન ઉપર ૨૫૪ રન બનાવ્યા હતા. ત્યાં જ લક્ષ્યનો પીછો કરતા બાંગ્લાદેશની ટીમ ૨૨૨ રનમાં સમેટાઈ ગઈ હતી. આ પછી અફઘાનિસ્તાને એશિયા કપ ૨૦૧૮માં બાંગ્લાદેશને હરાવ્યું હતું. તે મેચમાં અફઘાન ટીમે ૨૫૬ રનનો ટાર્ગેટ આપ્યો હતો. જેના જવાબમાં વિરોધી ટીમ ૧૧૯ રનમાં સમેટાઈ ગઈ હતી. બાંગ્લાદેશ વન-ડે ફોર્મેટમાં ૨ વખત (૨૦૧૨ અને ૨૦૧૮) એશિયા કપની ફાઈનલ રમ્યું છે. પરંતુ અફઘાનિસ્તાનની ટીમ એક વખત પણ ફાઈનલમાં પ્રવેશી શકી નથી. અફઘાનિસ્તાનની ટીમે વન-ડે ક્રિકેટમાં ૧૪૯ મેચ રમી છે. જેમાં તેણે ૭૩ મેચ જીતી છે. ત્યાં જ તેને ૭૧ મેચમાં હારનો સામનો કરવો પડ્યો હતો અને ૪ મેચ અનિર્ણિત રહી હતી. ત્યાં જ બાંગ્લાદેશની ટીમ વન-ડે ક્રિકેટમાં ૪૧૫ મેચ રમી છે. આ દરમ્યાન બાંગ્લાદેશે ૧૫૨ મેચ જીતી હતી. જ્યારે ૨૫૪ મેચમાં તેને હારનો સ્વાદ ચાખવો પડ્યો હતો. બાંગ્લાદેશ ટીમની ૯ મેચ પણ રદ કરવામાં આવી હતી. એશિયા કપ ૨૦૨૩માં આ બંને ટીમો શ્રીલંકા સાથે ગ્રુપ-બીમાં હાજર છે.

## વ્હોટ્સએપ ઉપર અનિચ્છનીય સંદેશાઓ અંગે રિપોર્ટ કેવી રીતે કરશો

વ્હોટ્સએપે સૌથી લોકપ્રિય ઈન્સ્ટન્ટ મેસેજિંગ એપ પૈકી એક છે. તેમ છતાં એવા કિસ્સાઓ બને છે કે, જ્યારે અમુક વપરાશકર્તાઓ અન્ય લોકોને સ્પામ કરવાના હેતુથી પ્લેટફોર્મનો ઉપયોગ કરે છે. આવા અવાંછિત સંદેશાઓ વ્હોટ્સએપ ઉપર જૂથ ચર્ચાઓ અથવા ખાનગી ચેટમાં આવે છે અને સાર્વત્રિક રીતે લોકોને નારાજ કરે છે. સદ્ભાગ્યે મેટાની માલિકીની એપ્લિકેશન, તેના સંપર્ક-અવરોધિત સુવિધા દ્વારા ઉકેલ પ્રદાન કરે છે. આ કાર્યક્ષમતાનો લાભ લઈને વપરાશકર્તાઓ અવરોધિત સંપર્ક સાથે કોઈપણ સંચારને અસરકારક રીતે અટકાવી શકે છે, જેનાથી સ્પામ સંદેશાઓના ઉપદ્રવને દૂર કરી શકાય છે. એવા સંજોગોમાં કે જ્યારે આવા અનિચ્છનીય સંદેશાઓ યથાવત્ રહે છે પછી ભલે તે માન્ય સંપર્કોથી અથવા અજાણ્યા નંબરોમાંથી આવતા હોય તો વ્હોટ્સએપ વધારાનો ઉપાય રજૂ કરે છે. વપરાશકર્તાઓને નિયુક્ત મિકેનિઝમ દ્વારા આવા સંદેશની જાણ કરવાની સત્તા આપવામાં આવી છે. 'રિપોર્ટ અને બ્લોક' સુવિધાને જોડવાથી કંપનીને સમસ્યારૂપ સંદેશાઓ વિશે તરત જ સૂચિત કરવામાં આવે છે, ત્યાર બાદ સમસ્યાને ઉકેલવા માટે યોગ્ય પગલાંના અમલીકરણ માટે સંકેત આપે છે. વ્હોટ્સએપે સમજાવ્યું છે કે, અનવોન્ટેડ મેસેજ કેવા હોય છે. એવા સંકેતો છે જે સૂચવે છે કે, તમને શંકાસ્પદ સંદેશ પ્રાપ્ત થયો છે અથવા મોકલનાર ઉપર વિશ્વાસ કરી શકાતો નથી તો તેના માટે આ ચિહ્નો જુઓ.

- ખોટી જોડણી અથવા વ્યાકરણની ભૂલો.
- તમને લિંક ઉપર ટેપ કરવા અથવા લિંક દ્વારા નવી સુવિધાઓ સક્રિય કરવા માટે કહેવું.
- તમને તમારી વ્યક્તિગત માહિતી, જેમ કે ક્રેડિટ કાર્ડ અથવા બેંક એકાઉન્ટ નંબર, જન્મ તારીખ, પાસવર્ડ્સ શેર કરવા માટે પૂછવું
- તમને સંદેશ ફોરવર્ડ કરવાનું કહેવું.
- એવો દાવો કરવો કે તમારે વ્હોટ્સએપ વાપરવા માટે ચૂકવણી કરવી પડશે.

**વ્હોટ્સએપ ઉપર અનિચ્છનીય સંદેશાઓની જાણ કેવી રીતે કરવી :-**

૧. તમારા ઉપકરણ પર વ્હોટ્સએપ એપ ખોલો.

૨. અનિચ્છનીય સંદેશો ધરાવતી ચેટ પર નેવિગેટ કરો અથવા તમે જેની જાણ કરવા માંગો છો તે ખોલો.

૩. તમે જે સંદેશની જાણ કરવા માંગો છો તેને ટેપ કરીને પકડી રાખો. આ સંદેશને પ્રકાશિત કરશે અને સ્ક્રીનની ટોચ ઉપર એક ટૂલબાર દેખાશે.

૪. ટૂલબારમાં તમે 'રિપોર્ટ' વિકલ્પ દેખાશે. તેના ઉપર ટેપ કરો.

૫. વ્હોટ્સએપે તમને શા માટે મેસેજની જાણ કરી રહ્યા છો તે વિશે વધારાની માહિતી આપવાનું કહેશે. આપેલા વિકલ્પોમાંથી યોગ્ય કારણ પસંદ કરો.

૬. જો જરૂરી હોય, તો તમારી પાસે સમસ્યા વિશે વર્ણન અથવા ટિપ્પણીઓ સામેલ કરવાનો વિકલ્પ હોઈ શકે છે.

૭. જરૂરી માહિતી પ્રદાન કર્યા પછી તમારા ઉપકરણના આધારે 'નેક્સ્ટ' અથવા 'સબમિટ કરો' ઉપર ટેપ કરો.

# ભારતીય બંધારણની રચના એક લાંબી અને કંટાળાજનક પ્રક્રિયા હતી



નવી દિલ્હી તા.૧

ભારતીય બંધારણ એ એક માળખું છે જે દેશ અને તેના નાગરિકોનું સંચાલન કરે છે. તેને વધુ સ્પષ્ટ બનાવવા માટે, તેને ઘણી રચનાત્મક પ્રક્રિયામાંથી પસાર થવું પડ્યું, અને આ એવી પ્રક્રિયાઓ હતી જેને ભારતીય ઈતિહાસમાં નોંધપાત્ર સ્થાન પ્રાપ્ત થયું છે. ભારતીય બંધારણ ભાવના અને સામગ્રી બંનેમાં અનન્ય છે. આ બંધારણની કેટલીક વિશેષતાઓ વિશ્વભરના અન્ય બંધારણોમાંથી લેવામાં આવી હોવા છતાં, તે ખરેખર એક અનોખું કાર્ય છે. બે વર્ષ, અગિયાર મહિના અને સત્તર દિવસમાં સ્વતંત્ર ભારતના ઐતિહાસિક બંધારણનો મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો હતો. જે ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ અપનાવવામાં આવ્યો હતો અને ૨ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ અમલમાં આવ્યો હતો. બંધારણમાં ૨૫ ભાગોમાં ૪૪૮ કલમો છે અને ૧૨ અનુસૂચિઓ છે. બંધારણની જરૂરિયાતની શરૂઆત ૧૯૧૯થી ઊભી થઈ હતી, જે બ્રિટિશ શાસન દરમ્યાન ભારતના બંધારણીય વિકાસમાં એક મહત્વપૂર્ણ પગલું હતું. આ સુધારાઓ શાસન અને ક્રમશઃ સ્વ-શાસનમાં વધુ ભાગીદારી માટેની ભારતીયોની માંગને સંબોધવાનો પ્રયાસ હતો. બ્રિટિશ સંસદમાં કોમનવેલ્થ ઓફ ઈન્ડિયા બિલ, ૧૯૨૫ રજૂ કરવામાં આવ્યું હતું જેમાં ભારતીયો માટે મૂળભૂત અધિકારોની માંગ કરવામાં આવી હતી. આ અધિકારોમાં વ્યક્તિગત સ્વતંત્રતા, અંતરાત્માની સ્વતંત્રતા, અભિપ્રાયની મુક્ત અભિવ્યક્તિ, મુક્ત એસેમ્બલી અને કાયદા સમક્ષ સમાનતા. નવેમ્બર ૧૯૨૭માં, બ્રિટિશ સરકારે ભારત સરકારના અધિનિયમ, ૧૯૧૯ની કામગીરીની સમીક્ષા કરવા અને ભારત માટે બંધારણીય સુધારાની દરખાસ્ત કરવા સાયમન કમિશનની નિમણૂક કરી. આ કમિશનમાં એક પણ ભારતીય સભ્ય ન હતો. કમિશનના જવાબમાં, ભારતીય કોંગ્રેસે એક સમિતિની સ્થાપના કરવાનો ઠરાવ પસાર કર્યો, જે પાછળથી તેના અધ્યક્ષ મોતીલાલ નહેરુ પછી "નહેરૂ સમિતિ" તરીકેર જાણીતી થઈ. "ભારત માટે સ્વરાજ બંધારણ"ના મુસદ્દા તૈયાર કરવાના હેતુથી આ સમિતિની રચના કરવામાં આવી હતી.

**નહેરૂ રિપોર્ટ**

આ અહેવાલ ૧૫મી ઓગસ્ટ, ૧૯૨૮ના રોજ રજૂ કરવામાં આવ્યો હતો, જેમાં ભારત માટે નવા આધિપત્યના દરજ્જાની દરખાસ્ત કરવામાં આવી હતી. નહેરૂ રિપોર્ટના મુખ્ય ઘટકો હતા,૨ અધિકારોનું બિલ, નાગરિકો તરીકે તમામ જાતિઓને સમાન અધિકારો આપવા, કેન્દ્રના હાથમાં અવશેષ સત્તાઓ સાથે સરકારના સંઘીય સ્વરૂપની રચના અને સુપ્રીમ કોર્ટની રચના માટેની દરખાસ્ત. આ અહેવાલને વિવિધ પ્રતિભાવો મળ્યા હતા સાંપ્રદાયિક પ્રતિનિધિત્વનો મુદ્દો વિવાદાસ્પદ હતો. ઘણા મુસ્લિમ નેતાઓએ કેન્દ્રીય વિધાનમંડળમાં મુસ્લિમોનું ૧/૩ ભાગનું પ્રતિનિધિત્વ સૂચવ્યું હતું. પંજાબ અને બંગાળમાં મુસ્લિમોને તેમની વસ્તીના પ્રમાણમાં પ્રતિનિધિત્વ, અને મુસ્લિમ બહુમતી ધરાવતા ત્રણ નવા પ્રાંતોની રચના. જો કે, હિન્દુ મહાસભા નવા પ્રાંતોની રચના અને બંગાળ અને પંજાબમાં સાંપ્રદાયિક પ્રતિનિધિત્વનો વિરોધ કરતી હતી.

**બંધારણ સભા**

૧૯૩૪માં બંધારણ સભાની શરૂઆત પ્રથમ વખત સામ્યવાદી ચળવળના પ્રણેતા એમ.એન. રોય દ્વારા કરવામાં આવી હતી, ત્યારબાદ ૧૯૩૬માં, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનું લખનૌ ખાતે અધિવેશન યોજાયું હતું, જેની અધ્યક્ષતા જવાહરલાલ નહેરૂએ કરી હતી. બંધારણ સભાની સત્તાવાર માંગ ઉઠાવવામાં આવી હતી કે આ બંધારણ જે ભારતીયોની ઈચ્છા વિરૂધ્ધ હતું તેના વિરોધ કરવામાં આવ્યો હતો. બાદમાં ૧૫મી નવેમ્બર, ૧૯૩૯ના રોજ, રાજગોપાલાચારીએ પુખ્ત મતાધિકાર ઉપર આધારિત બંધારણ સભાની માંગણી ઉઠાવી હતી, જેને અંગ્રેજોએ સ્વીકારી હતી.

**ઓગસ્ટ ઓફર**

વાઈસરોય લિનલિથગોએ ૮મી ઓગસ્ટ ૧૯૪૦ના રોજ એક નિવેદન આપ્યું હતું જેમાં વધુ ભારતીયોનો સમાવેશ કરવા માટે વાઈસરોય ઓફ ઈન્ડિયાની એક્ઝિક્યુટિવ કાઉન્સિલના વિસ્તરણનું વચન આપ્યું હતું. તેણે લઘુમતી અભિપ્રાયને વધુ મહત્વ આપ્યું અને ભારતીયોના પોતાના બંધારણ ઘડવાના અધિકારોને માન્યતા આપી. આ ઑગસ્ટ ઑફર તરીકે જાણીતી થઈ હતી.

**ફેબ્રુઆરી, ૧૯૪૬**

કેબિનેટ મિશન એ સરકાર દ્વારા ફેબ્રુઆરી ૧૯૪૬માં ભારતમાં મોકલવામાં આવેલ એક ઉચ્ચ-સત્તા ધરાવતું મિશન હતું. આ મિશનમાં ત્રણ બ્રિટિશ કેબિનેટ સભ્યો હતા - પેથિક લોરેન્સ, સ્ટેફોર્ડ ક્રિપ્સ અને એવી એલેકઝાન્ડર. કેબિનેટ મિશનનો ઉદ્દેશ્ય બ્રિટિશ પાસેથી ભારતીય નેતૃત્વને સત્તાના હસ્તાંતરણ અંગે ચર્ચા કરવાનો હતો. જો કે, આ મિશન નિષ્ફળ ગયું કારણ કે કોંગ્રેસ પાર્ટી પ્રાંતો માટે ન્યૂનતમ સત્તાઓ સાથે મજબૂત કેન્દ્ર ઈચ્છતી હતી જ્યારે, મુસ્લિમ લીગ મુસ્લિમો માટે વિધાનસભામાં સમાનતા જેવા મજબૂત રાજકીય રક્ષણ ઈચ્છતી હતી. બંને પક્ષો ઘણા વૈચારિક મતભેદો ધરાવતા હોવાથી અને સામાન્ય સમાધાન શોધી શક્યા નહોવાથી, મિશન મે ૧૯૪૬માં તેની પોતાની દરખાસ્તોના સમૂહ સાથે આવ્યું હતું.

**ડિસેમ્બર ૧૯૪૬**

જ્યારે ભારત તેની આઝાદી મેળવવાની નજીક હતું, ત્યારે બંધારણ સભાની પહેલીવાર બેઠક મળી હતી, જેના ઉદ્દેશ્યથી એક નિષ્પક્ષ બંધારણ ઘડવામાં આવ્યું હતું, જે વિશ્વના સૌથી લાંબા બંધારણ તરીકે ઓળખાય છે. બંધારણ સભામાં ત્રણસો સભ્યો હતા, અને તેનું નેતૃત્વ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે કર્યું હતું. બાદમાં, ૨૯મી ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ બંધારણનો મુસદ્દો તૈયાર કરવા માટે ડૉ બી.આર. આંબેડકરની અધ્યક્ષતામાં એક મુસદ્દા સમિતિની સ્થાપના કરવામાં આવી. પુનરાવર્તિત ચર્ચાઓ, દલીલો, કલમોના ઉમેરા અને કાઢી નાખવા પછી, આખરે ૨૬મી નવેમ્બર, ૧૯૪૯ના રોજ ૨૮૪ સહી કરનાર સભ્યો સાથે બંધારણ અપનાવવામાં આવ્યું. ૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦ના દિવસે આખરે બંધારણ લાગુ થયું હતું. બંધારણ ઘડવું એ એક લાંબી અને કંટાળાજનક પ્રક્રિયા હતી. આપણા બંધારણના ઘડવૈયાઓએ સંવિધાનના દરેક શબ્દને સાવચેતીપૂર્વક વિચાર-વિમર્શ અને ચર્ચાઓ સાથે ઘડ્યો છે, જેના પરિણામે આજ સુધી વિશ્વના સૌથી મહાન બંધારણો પૈકી એક બન્યું છે. ભારતીય બંધારણ એ આપણા રાષ્ટ્રનો સર્વોચ્ચ કાયદો છે, જે તેની પ્રસ્તાવનામાં જણાવ્યા મુજબ આપણા લોકો દ્વારા અપનાવવામાં આવેલ છે.

# મધ્યપ્રદેશમાં ૩૯૦૦૦થી વધુ ગુનેગારો જામીન ઉપર ફરે છે, જેમને આજે પણ શોધી રહી છે પોલીસ !

## જામીન પર છૂટેલા સૌથી વધુ આરોપીઓ ગ્વાલિયર, રાયસેન અને ઉજ્જૈનના સાથે આ ત્રણ જિલ્લાના આઠ હજારથી વધુ આરોપીઓ છે ફરાર





મધ્યપ્રદેશ,તા.૧

મધ્યપ્રદેશમાં ૩૯,૮૯૩ ગુનેગારો જામીન પર જેલની બહાર છે. આમાંના ઘણા ગુનેગારોના જામીન રદ થયા છે, પરંતુ ૫૨ જિલ્લાની પોલીસ તેમને પકડી શકી નથી. કાં તો આ ગુનેગારો રાજ્યમાં ક્યાંક છુપાયેલા છે અથવા રાજ્યમાંથી ભાગી ગયા છે. આ સાથે જ જેલમાંથી પેરોલ પર છૂટેલા ૧૪૩ કેદીઓ પણ ફરાર છે. ફરાર કેદીઓમાં ભોપાલ અને ઉજ્જૈનમાં સૌથી વધુ કેદીઓ છે. પોલીસ હજુ સુધી તેમને પકડી શકી નથી, જ્યારે તેમને કોર્ટમાં રજૂ કરવાના આદેશો આવી રહ્યા છે. તે જ સમયે, પેરોલ પર ફરાર થયેલા મોટાભાગના કેદીઓ ભોપાલ અને ઉજ્જૈનની જેલોમાંથી છે. લોકો કહે છે કે હવે જ્યારે રાજધાની ભોપાલની પોલીસની હાલત આવી છે તો બીજા જિલ્લાની વાત છોડો. બીજી તરફ જામીન પર છૂટેલા ગુનેગારોની વાત કરીએ તો જામીન પર છૂટેલા સૌથી વધુ આરોપીઓ ગ્વાલિયર, રાયસેન અને ઉજ્જૈનના છે.

આ ત્રણ જિલ્લાના આઠ હજારથી વધુ આરોપીઓ ફરાર છે. પોલીસ હજુ સુધી તેમને પકડી શકી નથી. તે જ સમયે, ભીંડ, મોરેના, ઈન્દોર, રતલામ, જબલપુર અને સાગરમાં જામીન પર છૂટેલા આરોપીઓ ફરાર છે. આ તમામ ગુનેગારો છે જેઓ હત્યા, સગીરનું અપહરણ જેવી ગુનાહિત ઘટનાઓને અંજામ આપે છે. કુલ ૧૪૩ આરોપીઓ પેરોલ પર ફરાર.. જે જાણાવીએ તો, સેન્ટ્રલ જેલ રીવા- ૧૦ સેન્ટ્રલ જેલ સાગર- ૧૩ સેન્ટ્રલ જેલ નર્મદાપુરમ- ૦૩ સેન્ટ્રલ જેલ ઈન્દોર- ૦૮ સેન્ટ્રલ જેલ જબલપુર- ૧૨ સેન્ટ્રલ જેલ ગ્વાલિયર-૧૫ સેન્ટ્રલ જેલ સતના-૦૯ સેન્ટ્રલ જેલ રતલામ-૦૨ સેન્ટ્રલ જેલ ઉજ્જૈન-૩૪ સેન્ટ્રલ જેલ ભોપાલ-૩૩ સેન્ટ્રલ જેલ બરવાણી- ૦૨... જામીન પર ફરાર..જે જાણાવીએ તો, સ્પેશિયલ ડીજી જીપી સિંહે જીઝઈમ (સ્ટેટ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો)ને રેકોર્ડ મોકલ્યો છે. રેકોર્ડ અનુસાર, ગ્વાલિયરમાંથી ૪૦૨૪, મોરેના- ૨૬૩૦, સાગર- ૧૯૨૨, બેતુલ- ૧૧૫૯, શાહડોલ- ૫૪૦, ટીકમગઢ- ૭૬૫, ઈન્દોર સિટી- ૧૪૦૮, ભીંડ- ૧૯૪૯ અને રાઈસેનમાંથી ૨૧૧૩ ગુનેગારો જામીન પર છે. તેમાંથી ઘણાના જામીન પણ રદ કરવામાં આવ્યા છે, પરંતુ પોલીસ તેમને કોર્ટમાં રજૂ કરી શકી નથી. આ મામલે મધ્યપ્રદેશના પૂર્વ ડીજીપીએ પણ એક સ્ટેટમેન્ટ આપ્યું હતું કે, જે આ મામલે જાણાવીએ તો, જ્યારે મધ્યપ્રદેશના પૂર્વ ડીજીપી અરુણ ગુત્રુએ કહ્યું કે આ પોલીસની નિષ્ફળતા છે. આ રાજ્ય માટે મોટો ખતરો છે. તેઓ આતંકવાદી પ્રવૃત્તિઓ સહિત દરેક પ્રકારના ગુના કરી શકે છે. પોલીસે આ કેસમાં ભ્રષ્ટાચાર આચર્યો હશે. ખૂબ મૈત્રીપૂર્ણ સંબંધોમાં આરોપીઓ પકડાતા નથી. તેઓ કહે છે કે આરોપી મળ્યો નથી. આ ઉપરાંત પોલીસની સંખ્યા પણ ઓછી છે. પોલીસ પણ વીઆઈપી સુરક્ષાથી લઈને કોર્ટની તમામ કામગીરી કરી રહી છે. સેન્ટ્રલ જેલ ઈન્દોરના ડેપ્યુટી જેલ સુપ્રિટેન્ડેન્ટ એસકે ખરેએ જણાવ્યું હતું કે કોર્ટ દ્વારા જેલ દ્વારા સંબંધિત પોલીસ સ્ટેશનોને માહિતી આપવામાં આવે છે. જે બાદ પોલીસ તેની શોધ શરૂ કરે છે.

બીજી તરફ એસકે ખરેનું કહેવું છે કે હાલમાં બે કેદીઓ ઈન્દોર સેન્ટ્રલ જેલમાંથી પેરોલ પર બહાર ગયા હતા. તેની માહિતી પોલીસને આપવામાં આવી છે. કોંગ્રેસે પણ આ મામલે એક સ્ટેટમેન્ટ આપ્યું હતું કે,''ગુનેગારોનો છોડો એમપીમાં ગુમ થયેલી ૫૭૦૦૦ દીકરીઓને પોલીસ શોધી નથી શકી..'' જે આ મામલે જાણાવીએ તો, જ્યારે ભાજપના પ્રદેશ અધ્યક્ષ બીડી શર્માને આ અંગે પૂછવામાં આવ્યું તો તેમણે કહ્યું કે મધ્યપ્રદેશ પોલીસ ખૂબ જ સારું કામ કરી રહી છે. તેના સ્તરેથી પોલીસ ગુનેગારોને શોધવામાં વ્યસ્ત છે. જે પણ બહાર હશે તેને જલ્દી પકડીને જેલમાં મોકલી દેવામાં આવશે. આ દરમિયાન કોંગ્રેસના પ્રવક્તા અભય દુબેએ કહ્યું કે મહિલાઓ વિરુદ્ધ સૌથી વધુ ગુના મધ્ય પ્રદેશમાં થઈ રહ્યા છે. અહીં ૫૭ હજાર દીકરીઓ ગાયબ થઈ ગઈ છે. દલિતો સાથે અત્યાચાર થઈ રહ્યો છે. ભાજપે આ આરોપીઓને સમર્થન આપવું જોઈએ.

# હવે ગુજરાતમાં તમામ AMPCની ચૂંટણી EVM મારફતે થશે

ગાંધીનગર,તા.૧

ગુજરાત સરકાર દ્વારા એક ખુબ જ મહત્ત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેને પગલે ચૂંટણી લક્ષી મોટા ફેરફારો થશે. બદલાઈ જશે વર્ષોથી ચાલી આવતી જુનુ પુરાણી પ્રથા. ગુજરાતમાં એપીએમસીની ચૂંટણીને લઈને સરકારે મોટો ફેરફાર કર્યો છે. રાજ્યમાં હવે એપીએમસીની ચૂંટણી પણ ઈવીએમ મશીન દ્વારા કરાશે. રાજ્યમા એપીએમસી ની ચુંટણીઓ ઈવીએમ થી કરવા કવાયત હાથ ધરવામાં આવી છે. સહકાર વિભાગે નવા ઈવીએમ ખરીદવા માટે આપી મંજુરી આપી દેવામાં આવી છે. એપીએમસીની ચૂંટણીઓ માટે ગુજરાત સરકાર દ્વારા ૪૦ નવા ઈવીએમ મશીન ખરીદી કરવામાં આવશે. ઉલ્લેખનીય છેકે, અત્યાર સુધી ગુજરાતમાં એપીએમસીની ચૂંટણીઓ બેલેટ પેપરથી થતી હતી. જોકે, હવે આ પ્રથામાં માળખાત મોટો ફેરફાર કરાયો છે. હાલ સમગ્ર ગુજરાત રાજયમા ૨૪૦ જેટલી એપીએમસી આવેલ છે. ત્યારે આ તમામે તમામ એપીએમસીમાં હવેથી બેલેટ પેપરને બદલે ઈવીએમ મશીનથી ચૂંટણી યોજવામાં આવશે. છપાયેલા બલેટ પેપરમાં ગોપનીયતા ન રહેતા સરકાર દ્વારા આ પ્રકારનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું પણ સામે આવ્યું છે. જેને પગલે સહકાર વિભાગ દ્વારા પણ આ પરિવર્તન અંગે મંજૂરી મળી ગઈ છે. રૂપિયા ૧૨ લાખના ખર્ચે નવા ૪૦ ઈફસ્ની ખરીદીને બહાલી આપી દેવામાં આવી છે. તેથી હવે ગુજરાતમાં તમામ ખેતીવાડી ઉપન્ન બજાર સમિતિ- છઁસ્ઝની ચૂંટણી હવે છપાયેલા બેલેટ પેપરને બદલે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન-ઈફસ મારફતે થશે. છપાયેલા પેપર મારફતે થતા વોટિંગમાં મતની ગોપનિયતા રહેતી નથી. આથી, ગુજરાત સરકારે બજાર સમિતિઓની ચૂંટણી ઈફસ મારફતે જ કરવા નિર્ણય કર્યો છે. જેને રાજ્યના સહકાર વિભાગે વહીવટી મંજૂરી પણ આપી દીધી છે. રાજ્યમાં ૨૪૦ જેટલી છઁદ્વૈં કાર્યરત છે. જેના સંચાલન માટે ખેડૂત વિભાગમાંથી ૧૦ અને વેપારી વિભાગમાંથી ચાર અને સામાન્ય મતદાર મંડળમાંથી બે બેઠકો માટે ચૂંટણી થતી હોય છે. છઁસ્ઝએ ખેડૂતો અને બજારના આર્થિકહિત સાથે સંકળાયેલી સહકારી સંસ્થા હોવાથી આવી સંસ્થામાં ચૂંટણીનું રાજકારણ ભારે ચડસાચડસીનું બની રહે છે. ચૂંટણી જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા યોજાતી હોવા છતાંયે ત્યાં મતદાર અને મતદાનની ગોપનીયતા રહેતી નથી. આથી. રાજ્યની તમામ છઁસ્ઝમાં ચૂંટણી પ્રક્રિયા પારદર્શક બની રહે તે ઉદ્દેશ્યથી સહકાર વિભાગે ૪૦ બેલેટ યુનિટ અને ૪૦ કંટ્રોલ યુનિટ સાથે કુલ ૪૦ ફ ખરીદવા રૂપિયા ૧૨ લાખના ખર્ચ સાથે વહીવટી મંજૂરી આપી છે. તેના માટે વિભાગના નાયબ સચિવ કે.વી.પટેલની સહીથી ગત સપ્તાહે ઠરાવ પણ પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યા છે. સહકાર વિભાગના ઠરાવમાં જણાવ્યા મુજબ, ઈફસ્થી ચૂંટણી સંચાલની યોજનાનું અમલીકરણ ખેત બજાર અને સુચના અપારો.ગામ્ય અર્થતંત્રના નિયામક દ્વારા કરાશે. જ્યારે ઈફસ્ની ખરીદી માટે નોડલ એજન્સી તરીકે ગુજરાત એગ્રીકલ્ચરલ માર્કેટિંગ બોર્ડ, મેનેજિંગ ડિરેક્ટરની નિમણૂંક કરવામાં આવી છે. આ ઈફસ પણ ભારતના મુખ્ય ચૂંટણી પંચ અને રાજ્યના ચૂંટણી આયોગ જ્યાંથી ખરીદી કરે છે તેવા ભારત સરકારની કંપની ભારત ઈલેક્ટ્રોનિક્સ લીમિટેડ અથવા ઈલેક્ટ્રોનિક્સ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા લિમિટેડ પાસેથી કરવામાં આવશે. કહેવાય છે કે, આગામી છ મહિનામાં ઈફસ ખરીદીને ખેત બજાર અને ગામ્ય અર્થતંત્રના નિયામક દ્વારા સ્ટ્રોંગરૂમમાં રાખવામાં આવશે. જ્યાંથી જે છસ્ઝની ચૂંટણી યોજવાની હશે ત્યાં મતદાન માટે તેને ઉપયોગમાં લેવામાં આવશે.



# ગણેશ ચતુર્થી : કારીગરોએ ગણેશજીની મૂર્તિઓને આખરી ઓપ આપ્યો

અમદાવાદ, તા.૧

ગણેશ ચતુર્થીને થોડા સમય જ બાકી રહ્યો છે, ત્યારે કારીગરો ગણેશજીની મૂર્તિઓને આખરી ઓપ આપવામાં લાગ્યા છે. ભાદરવા સુદ ચોથ એટલે કે વિનાયક ચતુર્થી ૧૦ દિવસ માટે ગણપતિ મહોત્સવ મનાવવામાં આવે છે શહેરના ગુલબાઈ ટેકરા વિસ્તારમાં મોટા પ્રમાણમાં ગણેશજીની મૂર્તિનું નિર્માણ કાર્ય થાય છે. ગણેશ ચતુર્થીની આજુબાજુ ગુલબાઈ ટેકરાની ઉદાસીન શેરીઓ ગણેશજીની મૂર્તિઓ ખરીદવા માટે લોકોથી ધમધમતી જોવા મળે છે. ગુલબાઈ ટેકરાની આ બાય-ગલીઓમાં જે સેંકડો ગણેશજીની મૂર્તિઓથી ભરેલી છે. મોડાભાઈ છત્રાણીએ ૧૯૭૦માં અમદાવાદમાં આવીને મૂર્તિ બનાવવાની શરૂ કરી હતી. ગુજરાત સહિત મહારાષ્ટ્ર જેવા અનેક રાજ્યોમાંથી ઓર્ડર આવતા હોય છે, ગ્રીન ગુજરાતના મંત્રને સાર્થક કરવા અને પર્યાવરણ સુરક્ષાને ધ્યાનમાં રાખીને પીઓપીની મૂર્તિ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. માત્ર માટીની મૂર્તિ બનાવવા તંત્ર દ્વારા તાકીદ કરવામાં આવી છે અને ભકતો પણ હવે માટીની જ મૂર્તિ લેવાનું પસંદ કરી રહ્યા છે અને શક્ય હોય ત્યાં સુધી પોતાની સોસાયટી ફલેટ કે ઘરમાં વિસર્જન કરવાની પણ વ્યવસ્થા ગોઠવતા હોય છે. મૂર્તિ નિર્માતાઓના જૂથમાં સામેલ લોકો કહે છે કે માટીની મૂર્તિઓને નુકસાન થાય છે અને ક્ષતિગ્રસ્ત મૂર્તિનો પૂજા માટે ઉપયોગ થતો નથી. માટીની મૂર્તિઓથી પૂરતા પૈસા મળતા નથી,''



# ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ લીલી ઝંડી આપી ૪૦ નવી બસોનો પ્રારંભ કરાવ્યો

સુરત, તા.૧

ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ નવી ૪૦ એસટીના લોકાર્પણ કરી એસટી બસના મુસાફરી કરી છે. સાથે જ શિક્ષણમંત્રી, ધારાસભ્યઓએ બસમાં મુસાફરી કરી હિન્દી ફિલ્મોના ગીતો ગાઈ મજા માણી છે. સુરતમાં છેલ્લા કેટલાક સમયથી સૌરાષ્ટ્રવાસીઓની સુરતથી વિશ્વામિત્રી, પાવાગઢ, મોઢેરા માટે બસોની માંગ હતી. આ બસોની માંગ આજે ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીના હસ્તે પૂર્ણ કરવામાં આવી છે. સુરતના સરથાણા ખાતેથી આજરોજ રાજ્યના ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ શિક્ષણ મંત્રી પાનસેરીયા સહિત ધારાસભ્યોની ઉપસ્થિતિમાં બસોને લીલી ઝંડી આપી ૪૦ નવી બસો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ બસો રોજે સુરતથી વિશ્વામિત્રી, પાવાગઢ, મોઢેરા ખાતે જવા ઉપડશે, જેથી સૌરાષ્ટ્રવાસીઓને મુસાફરી માટે મોટો ફાયદો થશે. બસને લીલી ઠંડી આપ્યા બાદ રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી, શિક્ષણમંત્રી પ્રફુલ પાનસેરીયા સહિત ધારાસભ્ય કોર્પોરેટરો સહિતના આગેવાનોએ બસમાં મુસાફરી કરી હતી. મુસાફરી દરમિયાન ગૃહમંત્રી હર્ષ સંઘવી શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરીયાએ ફિલ્મી ગીતો ગાઈ મુસાફરીની મજા માણી હતી. બસમાં ગીતોની મહેફિલ ચાલી હતી. બસમાં મુસાફરી બાદ એક હોટેલ પર બસ રોકી ચાની પણ ચુસકી મારી હતી. રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવીએ પત્રકારોને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, ૪૦ બસોને લીલીઝંડી આપી પ્રસ્થાન કરવાઈ છે. અત્યાર સુધીમાં ૪૦૦ બસોનું લોકાર્પણ થયું છે. આવનારા અઠવાડિયામાં બીજી ૪૦ બસ શરૂ કરાશે. આવનારા વર્ષમાં ૨ હજાર નવી બસો શરૂ કરાશે.



# હવે રાજકીય પક્ષોએ સરકારની બે કલાક વીજળી વધારવાની જાહેરાત ઉપર રાજકારણ શરુ કર્યું

## આઠ કલાક વીજળી માંડ ૧૫ જટકે મળતી હોવાનો આક્ષેપ

ગાંધીનગર, તા.૧

ખેડૂતોને ૮ને બદલે હાલમાં ૧૦ કલાક વીજળી આપવાની સરકારે જાહેરાત કરી છે. હાલમાં વરસાદ ખેંચાવાને લઈ સિંચાઈને લઈ સમસ્યા સર્જાઈ છે. આ દરમિયાન સરકાર દ્વારા ખેડૂતોને ૧૦ કલાક વીજળી આપવાની વાત કરી છે. આ દરમિયાન હવે કોંગ્રેસે પણ સરકાર સામે વીજળી આપવાને લઈ સવાલો કર્યા છે. હજુ આઠ કલાક પૂરતી વીજળી આપવામાં આવતી નથી, ત્યાં હવે વધુ બે કલાક વીજળી આપવાની વાત કરી છે. પરંતુ ખેડૂતોને ૮ કલાક જ વીજળી માંડ માંડ મળે છે. આ દરમિયાન ખેડૂતોને માંડ માંડ ૮ કલાક વીજળીનો પૂરવઠો મળે છે. વીજળી મુદ્દે હવે રાજકારણ ગરમાયુ છે અને કોંગ્રેસ તથા આપના નેતાઓએ પણ ખેડૂતોને પૂરતો સમય વીજળી નહીં મળતી હોવાના આક્ષેપ કર્યા છે. આઠ કલાક વીજળી માંડ ૧૫ જટકે મળતી હોવાના આક્ષેપ કરવામાં આવ્યા છે. રાજ્યમાં એક તરફ વરસાદ ખેંચાતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે, ત્યાં હવે રાજકીય પક્ષોએ સરકારીની બે કલાક વીજળી વધારવાની જાહેરાત પર રાજકારણ શરુ કરી દીધુ છે. આક્ષેપો વચ્ચે હાલ તો ખેડૂતો સિંચાઈની રાહત માટે પ્રાર્થના કરી રહ્યા છે.



# કચ્છમાં દોઢ કરોડની લૂંટનો વોન્ટેડ ગુનેગાર જૂનાગઢના મેંદરડાથી ઝડપાયો

## ગાંધીધામની લૂંટ, આરટીઆઈ કાર્યકર ઉપર હુમલા સહિત નામચીન શક્તિસિંહ અનોપસિંહ જાડેજા સામે અનેક ગુનાઓ



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧

કચ્છના ચકચારી લૂંટ અને હુમલાના બનાવમાં સંડોવાયેલ નામચીન આરોપી જૂનાગઢના મેંદરડાથી ઝડપાઈ ગયો છે. ગાંધીધામમાં ગત તા. ૧૮ જુલાઈના સીબીઆઈ રેઈડના નામે ૧ કરોડ ૪૫ લાખની લૂંટના બનાવ બાદ પાંચ આરોપીઓ થાર જીપને લઈ અંજારના ખંભરામાં શક્તિસિંહ જાડેજાની વાડીએ ગયાં હતાં. આ ગુનામાં જે જીપ વપરાઈ હતી તે જીપ સિકંદર ઊર્ફે સિકલાની માલિકીની હતી. ગુનો બન્યાંના ગણતરીના દિવસોમાં જ પોલીસે પાંચે આરોપીને પકડીને ૧ કરોડ ૩ લાખ ૪૮ હજાર ૫૦૦ રૂપિયા કબ્જે કર્યા હતા. જ્યારે બાકીના ૪૧.૫૧ લાખ રૂપિયા લઈ શક્તિસિંહ અનોપસિંહ જાડેજા અને સિકંદર ઊર્ફે સિકલો બેઉ સાથે ફરાર થઈ ગયાં હતાં. શક્તિસિંહ અને સિકંદર પોલીસથી બચવા સતત અલગ અલગ સ્થળે ભાગતાં ફરતાં હતાં. પૂર્વ કચ્છ એલસીબીએ મૂળ કચ્છના નાની ખેડોઈ ગામના શક્તિસિંહ અનોપસિંહ જાડેજાને સૌરાષ્ટ્રના જૂનાગઢના મેંદરડા તા.ના મોટી ખોડિયાર ગામેથી ઝડપી પાડયો છે. પોલીસે આ આરોપીને ગાંધીધામ, આદિપુર અને અંજાર વિસ્તારમાં શક્તિની છાપ માથાભારે માણસ તરીકેની છે. દારૂબંધીને લગતાં ગુનામાં પણ તે અગાઉ પોલીસ ચોપડે ચઢી ચૂકેલો છે. ૧૮ જૂનના રોજ શક્તિસિંહ જાડેજાએ આદિપુરના આરટીઆઈ એક્ટિવીસ્ટ રવિન્દ્ર સબ્બરવાલ ઉપર હિંસક હુમલો કરી હાથ-પગ ભાંગી નાખ્યાં હતા અને તેમની પત્ની સાથે પણ મારકૂટ કરેલી. આરોપીને કોર્ટે ત્રણ દિવસના રીમાન્ડ ઉપર ધકેલ્યો છે. પોલીસે જનતાને જાહેર અનુરોધ કર્યો છે કે શક્તિસિંહના ત્રાસનો જે લોકો ભોગ બન્યા હોય તેઓ ફરિયાદ કરવા આગળ આવે.

## જંતુનાશક દવાનાં ૩૨૦ ઉત્પાદક યુનિટમાં વિશેષ સ્ક્વોર્ડની આકસ્મિક તપાસ

અમદાવાદ,તા.૧

રાજ્યના કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું છે કે, રાજ્યમાં કુલ જંતુનાશક દવાનાં ૩૨૦ ઉત્પાદક યુનીટમાં આકસ્મિક તપાસ કરવા માટે વિશેષ સ્ક્વોર્ડ તૈયાર કરવામાં આવી હતી. જે સ્ક્વોર્ડ દ્વારા ઉત્પાદક યુનીટ એકમોમાં ઓચીંતી તપાસ કરાઈ હતી. જે અંતર્ગત રાજ્યના ૧૯ જિલ્લાઓમાં કાર્યરત જંતુનાશક દવા ઉત્પાદક યુનીટમાંથી કુલ ૯૧ નમુનાઓ લેવાયા છે અને તે પૈકી ૧૦૭ ઉત્પાદક એકમોને નોટીસ આપી અંદાજીત રૂ.૩૮૯.૧૭ લાખની કિંમતનો જંતુનાશક દવાનો જથ્થો અટકાવવામાં આવ્યો છે.વધુમાં રાજ્યનાં કુલ ૧૯ જિલ્લાઓમાં કાર્યરત જંતુનાશક દવાનાં ઉત્પાદક એકમોમાં ઓચીંતી તપાસ કરવા માટે સ્ક્વોર્ડની રચના કરી કુલ ૩૭ અધિકારીશ્રીઓને આકસ્મિક તપાસની કામગીરી સોંપવામાં આવી હતી.

# પૂજય જીવરાજબાપુની ચતુર્થ પુણ્યતિથી નિમીતે શાંતિયજ્ઞનું આયોજન



જૂનાગઢ તા.૧

સતાધાર દિવંગત મહંત શ્રી પ.પૂ. જીવરાજ બાપુની ચતુર્થી પૂણ્યતિથિ નિમિત્તે શાંતિ યજ્ઞનુ આયોજન કરવામાં આવેલ છે. શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ જૂનાગઢના પ્રમુખ ધીરૂભાઈ ગોહેલના માર્ગદર્શન મુજબ શ્યામ મહિલા મંડળ દ્વારા, આપણી આસ્થાનું કેન્દ્ર સતાધારના દિવંગત મહંત પૂ. શ્રી જીવરાજ બાપુની ચતુર્થી પૂણ્યતિથિ નિમિત્તે શ્રધ્ધા સુમન અર્પણ કરવા 'શાંતિ યજ્ઞ'નું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સર્વ જ્ઞાતિ બંધુઓને સહ પરિવાર સાથે પધારવા ભાવભર્યું નિમંત્રણ છે. આ યજ્ઞમાં હોમવા માટે આપ ગાયનું ઘી, જવ, તલ, ચોખા, સાકર, કપુર અને પ્રસાદ માટે ફળ ફળાદિ લાવી શકો છો. તા. ૩-૯-૨ ઉને રવિવાર સાંજે ૪ કલાકે શ્યામ વાડી, દાતાર રોડ, જૂનાગઢ યજ્ઞ પૂર્ણ થયાં બાદ પૂ. શામજીબાપુના મંદિરે મહા આરતી કરવામાં આવશે, આરતી માટે બહેનોએ આરતીની થાળી ઘરેથી સજાવટ કરીને લાવવી જેમાં શ્રેષ્ઠ શણગારેલ ત્રણ થાળીને નંબર આપી ઈનામ પણ આપવામાં આવશે. આ તકે સર્વેને ઉપસ્થિત રહેવા મીનાબેન ગોહેલ તરફથી ભાવભર્યુ નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

# જૂનાગઢ જીલ્લામાં ઠેર-ઠેર જુગાર દરોડા



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧

જૂનાગઢ જીલ્લાના વિવિધ તાલુકામાં પોલીસે જુગારીઓ વિરૂધ્ધ કડક કાર્યવાહી હાથ ધરી અને જુગાર રમતા ઝડપી લઈ તેમના સામે ધોરણસરની કાર્યવાહી કરતા જુગારીઓમાં ફફડાટ મચી ગયો હતો. વિવિધ સ્થળોએ પોલીસ દ્વારા પાડવામાં આવેલા દરોડા અંગેની કાર્યવાહીની પોલીસે આપેલી વિગત અનુસાર માણાવદર તાલુકાના સણોસરા ગામે મગનભાઈ પરષોતમભાઈ બાથાણીના રહેણાંક મકાનમાં બહારથી માણસો બોલાવી જુગાર રમાડતા હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડતા છ શખ્સોને રૂ.૬૪,૧૫૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે. આ ઉપરાંત સરદારગઢ ગામેથી રસીલાબેન રમેશભાઈ પરમારના રહેણાંક મકાનમાંથી પોલીસે જુગાર અંગે દરોડો પાડી પાંચ શખ્સોને રૂ.૧૨,૭૮૦ની રોકડ મુદ્દામાલ સાથે ઝડપી લઈ તેના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત જૂનાગઢ તાલુકા પોલીસે તલીયાધર ગામેથી જુગાર રમતા નવ શખ્સોનો રૂ.૭૧,૭૮૦ના રોકડ મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવેલ છે. ત્યારે વંથલીના કણજા ધાર નજીકથી જાહેરમાં જુગાર રમતા ચાર શખ્સોને પોલીસો રૂ.૧૪૯૦ની રોકડ સાથે ઝડપી લીધેલ છે. શીલ પંથકમાં લાંગડ ગામે જુગાર રમતા આઠ શખ્સોને રૂ.૫૪૩૦ના રોકડ મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવેલ છે. જયારે માળીયા હાટીના પોલીસે પાણીધ્રા ગામે જુગાર અંગે દરોડો પાડી છ શખ્સોને રૂ.૪૮,૨૩૦ના રોકડ મુદ્દામાલ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# કેશોદ પોલીસ સ્ટેશનની SHE ટીમ અને અભયમ હેલ્પલાઈન ટીમ દ્વારા રક્ષાબંધન પર્વની અનોખી ઉજવણી કરી

(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૧

જૂનાગઢ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ કેશોદ શહેરમાં આવેલ વૃધ્ધાશ્રમ તથા અનાથાલય ખાતે મુલાકાત લઈ એકલવાયુ અને નિરાધાર જીવન જીવતા હજારો લોકો કે જેઓનુ આ દુનિયામાં કોઈ નથી અથવા તો હોવા છતાં કોઈ તેમની પાસે નહિ હોવાના કારણે દુ:ખી, નિરાધાર જીવન જીવતા હજારો વૃધ્ધો,અનાથો સિનિયર સિટીઝનોને તા.૩૦/૮/૨૩ ના રોજ રક્ષાબંધનના તહેવાર નીમીતે તેમના પણ કોઈ સગા છે, અને તેઓ એકલા નથી, તેમની સાથે હર હંમેશ પોલીસ છે તેવી ભાવના, ઉમીદ ઉજાગર કરી ''પોલીસ પ્રજાનો મિત્ર'' સુત્રને કેશોદ પોલીસ સ્ટેશનની "SHE" ટીમ દ્વા સાર્થક કરવામાં આવેલ. કેશોદ પોલીસ સ્ટેશનમાં એક "SHE" ટીમ ની રચના કરવામાં આવેલ છે. આ "SHE" ટીમ દ્વારા કેશોદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ આસ્થા માનસિક વિકલાંગ બાળકોની હોસ્પિટલમાં ઉપરાંત સીનીયર સીટીઝન કે જેઓ એકલવાયુ જીવન જીવતા હોય અને પોતે અસમર્થ હોવાની ભાવના સાથે જીવન જીવતા વૃધ્ધો, વડીલો, અનાથોને તેઓ એકલા નથી તેઓની સાથે હંમેશા પોલીસ ખડે પગે છે. તેવી ભાવના, અહેસાસ કરાવવા માટે "SHE" ટીમના વુમન પોલીસ હેડ કોન્સ્ટેબલ શીતલબેન પરમાર અને ૧૮૧ અભયમ હેલ્પલાઈનનાં ડાહીબેન માવદીયા દ્વારા કેશોદ શહેરમાં એકલવાયું જીવન જીવતા વૃધ્ધ લોકોને રક્ષાબંધનના તહેવારે રક્ષા કવચ બાંધી તેમની સાથે પોલીસ સહર હંમેશ સાથે છે તેવી ભાવના, ઉમીદ ઉજાગર કરી પ્રસંશનીય કામગીરી કરી છે.



# કેશોદમાં દર્દીઓ માટે રાહત દરે સારવાર આપતી સંજીવની હોસ્પિટલનો થયેલ પ્રારંભ

(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૧

કેશોદના સરકારી દવાખાનાની સામે ગલીમાં પંજાબ બેંક સામે અગતરાય રોડ ખાતે સંજીવની હોસ્પિટલનો શુભારંભ કરવામાં આવ્યો છે. સામાન્ય રીતે ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોમાં આરોગ્યલક્ષી બિમારી આવવાની સાથે પરિવારના મુખ્ય વ્યક્તિ પર ચિંતાના વાદળો છવાઈ જતાં હોય છે અને માનસિક સંતુલન જાળવી રાખવા ફાંફાં મારે છે ત્યારે આવી પરિસ્થિતિમાં કેશોદ શહેરમાં પંકજભાઈ ચુડાસમાએ સંજીવની હોસ્પિટલ શરૂ કરી ડૉ હાર્દિક કોટડીયા એમબીબીએસ સાથે રાહત દરે દવાખાનું શરૂ કરી માર્ગ મોકળો કરી આપ્યો છે. કેશોદના અગતરાય રોડ પર એમઆરએફ શો રૂમ સામે ગલીમાં શુભારંભ કરવામાં આવેલ સંજીવની હોસ્પિટલમાં જરૂરિયાત મુજબ દાખલ કરવાની અલાયદી વ્યવસ્થા કરવામાં આવી છે અને તમામ પ્રકારની દવાઓ પણ અંદરથી જ ઉપલબ્ધ કરાવવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે ત્યારે ગ્રામ્ય વિસ્તારના કે એકલાં અટુલા દર્દીને બહાર જવું પડે નહીં. કેશોદ ખાતે સંજીવની હોસ્પિટલમાં સામાન્ય બિમારીઓ ઉપરાંત ગંભીર બિમારીઓની સારવાર કરવામાં આવે છે. મલ્ટી સ્પેશ્યાલીટી ખાનગી હોસ્પિટલો જાજી હોય ત્યારે સંજીવની હોસ્પિટલ ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે ખરેખર સંજીવની બુટી પુરવાર થઈ છે. કેશોદ શહેરમાં બહોળો ચાહક વર્ગ ધરાવતાં પંકજભાઈ ચુડાસમા અને ડૉ હાર્દિક ચુડાસમાએ શરૂ કરેલ ત્યારે શુભ પ્રસંગે સૌ શુભેચ્છકો, મિત્રો, સગાં સંબંધીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહીને રાજીપો વ્યકત કરી શુભેચ્છાઓ પાઠવી હતી.



# કેશોદના વેપારીઓને સમય મર્યાદામાં વ્યવસાય વેરો ભરવા જાણ કરાઈ





(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૧

કેશોદ નગરપાલિકા વિસ્તારમાં નાનાં મોટાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓ પાસેથી કેશોદ નગરપાલિકા દ્વારા વ્યવસાય વેરો વસૂલવામાં આવે છે ત્યારે કેશોદ નગરપાલિકા દ્વારા દરેક વેપારીઓને જાણ કરવામાં આવી છે કે આગામી તારીખ પહેલી સપ્ટેમ્બરથી ત્રીસમી સપ્ટેમ્બર સુધીમાં ભરપાઈ કરી જવા જાણ કરવામાં આવી છે અને સમયમર્યાદામાં વ્યવસાય વેરો ભરવામાં આવશે નહીં તો સરકારનાં ધારાધોરણ મુજબ દંડ સહિત વ્યવસાય વેરો વસુલવામાં આવશે. કેશોદ નગરપાલિકા વિસ્તારમાં ત્રણ હજાર થી વધારે વ્યવસાય વેરો ભરતાં વેપારીઓ કેશોદ નગરપાલિકામાં નોંધાયેલા છે જેમાં મુખ્યત્વે તમામ એડવોકેટ, સોલીસીટર્સ, નોટરી, ડોકટર્સ, કન્સલ્ટન્ટ, આર્કિટેક્ ,સી.એ, વિમા એજન્ટ, કોન્ટ્રકટર,દલાલ, ટુર એન્ડ ટ્રાવેલ્સો, ઓપરેટર્સ એજન્સી, કેબલ ટી.વી ઓપરેટર , ટયુશન કલાસીસ, ટયુટોરીયલ ઈન્ટી, આંગડીયા ,કુરીયર, હેલ્થ તથા રીક્રીએનશન કલબો, શેર દલાલો, ગુમાસ્તાઓ, ટ્રાન્સપોર્ટસ, નાણાંધીરધાર, વીડીયોપાર્લર, હોટલો, ગેસ્ટહાઉસ, તમામ નાના મોટા ધંધાદારીઓ તમામ પ્રાઈવેટ અને પબ્લીક લીમીટેડ કંપનીઓ, ફેકટરી માલિકો , ભાગીદારી પેઢીઓ તમામ બેકિંગ કંપનીઓ વિગેરે સરકાર માન્ય હોય તેવી નોન ગ્રાન્ટેબલ સસ્થાનઓ ગુજરાત વેટ એકટ ૨૦૦૩ હેઠળ નોધણીને પાત્ર થતા હોય તેવા તમામ ડીલરો કે જેઓનુ વાર્ષિક ટર્નઓવર રૂપિયા દસ લાખથી વધુ હોય.વ્યક્તિ કે વ્યવસાયીઓની એક કરતા વધુ બ્રાંચ હોય ત્યારે બ્રાંચ દીઠ વ્યવસાય વેરો ભરવા પાત્ર ગણવામાં આવશે. કેશોદ નગરપાલિકા વિસ્તારમાં અગાઉ વ્યવસાયિક સંસ્થા ધરાવતાં વેપારીઓ દ્વારા ધંધા રોજગાર બંધ કરવામાં આવ્યાં હોય ત્યારે કેશોદ નગરપાલિકામાં વ્યવસાય વેરા શાખામાં સંપર્ક કરી જાણ કરવા જણાવ્યું છે.

# પૂ. રતિદાદાની પાવન સ્મૃતિ ઉપર અશ્વિન પાઠકજીના કેશોદ ખાતે પ્રથમ વખત સુંદરકાંડ

(મીનાક્ષી-ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૧

અઘોષિત ગિરનારી સાધક પૂ. રતિદાદા જોષીની પાવન સ્મૃતિ ઉપર કેશોદ ખાતે શ્રી જગન્નાથ પરિવાર દ્વારા શ્રી અશ્વિન પાઠકજીના સ્વરે સુંદરકાંડનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તા.૨-૯-૨૦૨૩ને શનિવારના રોજ યુ.કે.વી. મહિલા કોલેજના પરિસરમાં રાત્રે ૮:૩૦ કલાકે આ પ્રસંગ ઉજવાઈ રહ્યો છે. આ અવસરે ગિરનાર કમંડળકુંડની જગ્યાના મહંત પૂ. મહેશગીરીબાપુ, જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરના કોઠારી પૂ.પ્રેમસ્વરૂપસ્વામી, શાસ્ત્રી ડો.મહાદેવપ્રસાદ મહેતા, ઈન્દ્રેશ્વરના મહંત રામાનંદ બાપુ, ખાખી મઢીના મહંત સુખરામદાસ બાપુ વગેરે સંતોની પાવન ઉપસ્થિતિ રહેવાની હોય તેમ શ્રી જગન્નાથ પરિવારના હિમાંશુભાઈ જોષીએ જણાવેલ છે. કેશોદ ખાતે શ્રી અશ્વિન પાઠકજીના આ ૮૬૫ ર મોં સુંદરકાંડનો પાઠ છે. કેશોદ ખાતે પ્રથમ વખત શ્રી અશ્વિન પાઠકજીના સુંદરકાંડનું આયોજન થાય રહ્યુંછે. આ પ્રસંગે ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા, સાંસદ રમેશભાઈ ધડુક, ધારાસભ્ય દેવાભાઈ માલમ, જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટભાઈ પટેલ તેમજ અન્ય વિવિધ સામાજિક આગેવાનો ઉપસ્થિત રહેવાના છે. આ પ્રસંગે કેશોદની વિવિધ સામાજિક અને ધાર્મિક સંસ્થાઓ પણ ઉત્સાહથી જોડાઈ રહી છે.

# પ્રાચી તીર્થની કે.કે.મોરી હાઈસ્કૂલમાં જિલ્લા કક્ષાની કુસ્તી સ્પર્ધા યોજાઇ

(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તીર્થ તા.૧

જીલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી, જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ગીર-સોમનાથ દ્વારા ૬૭મી અખિલ ભારતીય શાળાકીય રમત સ્પર્ધા ૨૦૨૩-૨૪(SGFI)નું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત જિલ્લા કક્ષાની કુસ્તી સ્પર્ધા શ્રી કે.કે. મોરી હાઈસ્કૂલ પ્રાચી ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં ખેલાડીઓ ભાગ લિધો હતો. જેમાં શાળાના પ્રિન્સિપાલ અને જિલ્લા રમત વિકાસ અધિકારી અને શાળાના સ્ટાફગણ હાજર રહેલ હતા અને ખેલાડીને પ્રોત્સાહિત કર્યા હતા અને કુસ્તી સ્પર્ધામાં વિજય થયેલ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. સહ ઉજ્જવળ કારકિર્દી માટે શુભકામનાઓ પાઠવી હતી. (તસ્વીર : જાદવભાઈ ચુડાસમા)



## રાજકોટ ઈન્ટર સ્કુલ સ્વિમીંગ કોમ્પિટીશનમાં તપોવન સ્કુલ પ્રથમ



(પંકજ ઝીબા દ્વારા) રાજકોટ, તા.૧

તાજેતરમાં રાજકોટ ખાતે યોજાયેલ ઈન્ટર સ્કુલ સ્વિમીંગ કોમ્પિટીશનમાં તપોવન સ્કુલમાં ધો-૮ (ગુજરાતી માધ્યમ)માં અભ્યાસ કરતા ચોવટીયા કશ્યપએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ છે. આ તકે તપોવન સ્કુલના મેનેજીંગ ટ્રસ્ટી પુસ્કરભાઈ રાવલ દ્વારા તેઓની આ સિધ્ધી બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# ખંભાળિયાની યુવતીના ફોટા સોશિયલ મીડિયામાં અપલોડ કરી, ધમકી આપતા શખ્સની અટકાયત

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧

વર્તમાન સમયમાં સોશિયલ મીડિયાના વિવેક વગરના તેમજ ગેરઉપયોગ કરવાના અનેક બનાવો પ્રકાશમાં આવી રહ્યા છે. ત્યારે ખંભાળિયામાં એક યુવતીના ફોટા તથા વિડીયો અપલોડ કરી, એક શખ્સ દ્વારા ગેરકાયદેસર રીતે રૂપિયાની માંગણી કરી, યુવતીના ભાઈને મારી નાખવાની ધમકી આપ્યાના સમગ્ર પ્રકરણમાં દેવભૂમિ દ્વારકા જિલ્લા સાયબર ક્રાઈમ સેલ પોલીસે ખંભાળિયાના શક્તિનગર વિસ્તારમાં રહેતા આરોપી શખ્સને દબોચી લીધો હતો.

આ સમગ્ર પ્રકરણની વિગત મુજબ ખંભાળિયામાં રહેતી એક યુવતીના "મિસ યુ" લખેલા ફોટાઓ તેમજ વિડીયો ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટમાં અપલોડ થયેલા હતા. ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ **jentilibola - 9** ઉપરના ફેસબૂક એકાઉન્ટ **jenti limbola** ઉપર જોતા આ યુવતીના ફોટા તેમજ વિડીયો આ સોશિયલ મીડિયા એકાઉન્ટ ધારક એવા ખંભાળિયાના શક્તિનગર વિસ્તારમાં રહેતા જયંતિ રણમલ લીંબોલા (ઉ.વ. ૩૦) દ્વારા અપલોડ કરવામાં આવ્યું હોવાનું યુવતીના ભાઈના ધ્યાને આવ્યું હતું. જેથી તેમના દ્વારા આરોપી શખ્સને ફોન કરીને ફોટા ડીલીટ કરવા માટે સમજાવતા આરોપી દ્વારા ફરિયાદી યુવાન પાસે ફોટા અપલોડ નહીં કરવા અને ફોટા ડીલીટ કરવા માટે રૂપિયાની માંગણી કરી રૂપીયા નહી આપે જાનથી મારી નાંખવાની ધમકી આપી સમાજમાં બદનામ કરવાની કોશિશ કરવા સબબ ખંભાળિયા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાતા જે અંગેની તપાસ દેવભૂમિ દ્વારકા જિલ્લા સાયબર સેલ વિભાગ દ્વારા હાથ ધરી આ પ્રકરણમાં વિવિધ દિશાઓમાં મેન્યુઅલ તથા ટેકનિકલ સર્વેલન્સના આધારે આરોપી જેન્તી રણમલ લીંબોલાની ગણતરીના કલાકોમાં અટકાયત કરી લીધી હતી.



પશ્ચિમ રેલવે-ભાવનગર ડિવિઝન
એફઓબી નું કન્સ્ટ્રકશન
નં. GS/SD/ABS/FOB(4)/23/R/01 તારીખ : 28/08/2023; એક્ઝિક્યુટિવ એન્જિનિયર (ગતિ શક્તિ) ડિવિઝન ઓફિસ, ભાવનગર પરા - 364003 (ગુજરાત), ઈ-મેલ : gatishaktibvp@gmail.com નીચે જણાવેલ કામો માટે ઈ-ટેન્ડર આવકારે છે. ટેન્ડરનો વિગતો નીચે મુજબ છે : અનુ. નં. (1) ઈ-ટેન્ડર નં. GS-BVP-03-23-24-FOB-ABS-R; કામનું નામ: ભાવનગર ડિવિઝન: બોટાદ, સાવરકુંડલા, કેશોદ, અને ગોંડલ સ્ટેશનો ખાતે અમૃત ભારત સ્ટેશન સ્કીમ સાથે સંબંધિત 12m પહોળા એફઓબી નું કન્સ્ટ્રક્શન ; ટેન્ડર મુલ્ય : ₹ 63,73,51,459.76; ઇએમડી : ₹ 34,93,800.00; બિડિંગ પ્રારંભની તારીખ : તા. [illegible]; બિડિંગ બંધ થવાની તારીખ : તા. 22/09/2023; ટેન્ડરની વિગતો રેલવે વેબસાઈટ : www.ireps.gov.in પર તા. 25/08/2023 ના રોજ અપલોડ કરેલ છે. 68
facebook.com/WesternRly

ગુજરાત સરકાર
નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
જાહેર નિવિદા નં.૯ સને ૨૦૨૩-૨૦૨૪
નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સિંચાઈ યોજના પેટા-વિભાગ નં.૭/૩, સરદાર બાગ, જીલ્લા સેવા સદન જુનાગઢ પીન નં.૩૬૨૦૦૧ (ફોન નં.૦૨૮૫-૨૬૩૨૩૪૮) તરફથી નીચેના કામનું ટેન્ડર માન્ય યાદીની ડી-૨ અને ઉપરની શ્રેણીમાં નોંધાયેલ ઠેકેદારશ્રીઓને ન્યુઝ પેપરમાં પ્રસિધ્ધ થયેથી ટેન્ડર આપવામાં આવશે.
કામનું નામ:- ઓઝત વિયર વંથલી સિંચાઈ યોજના રીપ્લેસીંગ ઓફ ઓલ્ડ શટર ઓફ જનરેટર રૂમ એટ ડેમ સાઈટ
(૧) અંદાજીત રકમ રૂ ૧૨૮૪૦૦.૦૦ (૨) ટેન્ડર ફી રૂ.૬૦૦.૦૦
(૩)ઠેકેદારશ્રીનો વર્ગ ઈ-૨ અને ઉપર (૪) બાનાની રકમ રૂ. ૧૩૦૦.૦૦
ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૧૧/૦૯/૨૦૨૩ ના ૧૮-૦૦ કલાક સુધી અને ટેન્ડર રજી.પોસ્ટથી પરત કરવાની છેલ્લી તારીખ ૧૫/૦૯/૨૦૨૩ ૧૮-૦૦ કલાક સુધી.
વધુ વિગત માહીતી નાનાની વેબસાઈટ www.statetenders.gujarat.gov.in
નામર્ન. વેબસાઈટ જોવા તથા ઉકત કચેરીનો સંપર્ક સાધવા વિનંતી છે.
માહિતી/જૂના/૫૫૭/૨૦૨૩

# માણાવદર તાલુકાના સારંગપીપળી ગામે ભડ ગામના યુવાનની પ્રેમ પ્રકરણમાં હત્યા

## મૃતક યુવાનને મળવા બોલાવી અને બાદમાં ગોડાઉનમાં અટકાયત કરી પાઈપ તથા લાકડાના ધોકા વડે માર મારતા મોત : પાંચ સામે ખુનનો ગુનો દાખલ





(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧

જૂનાગઢ જીલ્લાના માણાવદર તાલુકાના સારંગપીપળી ગામમાં પ્રેમ પ્રકરણના કારણે યુવતીના પરિવારના સભ્યોએ પાઈપ તથા લાકડાના ધોકા વડે માર મારતા ભડ ગામના યુવાનનું ગંભીર ઈજા થવાના કારણે મૃત્યું થયુંહતું અનો આ બનાવ હત્યામાં પલટાયો હતો. આ બનાવ અંગે કુલ પાંચ સામે ખુનના ગુના સહિતની વિવિધ કલમ અંતર્ગત ગુનો દાખલ કરવામાં આવેલ છે. આ બનાવ અંગે પોલીસો આપેલી વિગત અનુસાર પોરબંદરજીલ્લાના ભડ ગામના જીતેન્દ્રભાઈ વિનોદભાઈ ગોરડ(ઉ.વ.૩૫)એ ભૂમિકાબેન પ્રફુલપરી ગોસ્વામી રહે.ભડ ગામ, દિવ્યેશપરી પ્રફુલપરી ગોસ્વામી, પ્રફુલપરી કરશનપરી ગોસ્વામી, ભાવેશપરીપ્રવિણપરી ગોસ્વામી રહે.સારંગપીપળી, કલ્પેશપરી પ્રવિણપરી ગોસ્વામી રહે.સારંગપીપળી વિગેરે સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના આરોપીઓ જેમાં આરોપી નં-૧ ભૂમિકાબેનનો આ કામના ફરિયાદીના ભાઈ નિલેશભાઈ સાથે પ્રેમ સંબંધ હોય અને આ પ્રેમ સંબંધની ભૂમિકાબેનના ઘરના સભ્યોને ખબર પડી જતા અને તેના ઘરના સભ્યોએ ભૂમિકાબેનનો માણાવદર તાલુકાના સારંગપીપળી ગામે તેના મોટાબાપા પ્રવિણપરી ગોસ્વામીને ઘરે છેલ્લા પાંચેક મહિનાથી રહેવા મોકલી દીધેલ હતા. દરમ્યાન આ કામના આરોપીએ પુર્વઆયોજીત કાવતરૂ રચી એક સંપ કરી ગેરકાયદેસર મંડળી રચી અને સમાન ઈરાદો પાર પાડવા ભૂમિકાબેન પ્રફુલપરી ગોસ્વામીએમૃતક નિલેશભાઈને મળવા બોલાવતા નિલેશભાઈ ભૂમિકાબેનને મળવા ગયા હતા. જયાં આ કામના તમામ આરોપીઓએ નિલેશભાઈને ગોડાઉનમાં પુરી ગેરકાયદેસર અટકાયત કરી અને ગુનાહિત ધમકી આપી પાઈપ તથા લાકડાના ધોકા વડે વારાફરતી શરીરે માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ હુમલા પ્રકરણમાં નિલેશ ગોરડ બેભાન થઈ ગયો હતો. આ યુવકને સારવારમાં ખસેડવામાં આવ્યો હતો પરંતુ સારવાર પુર્વે જ તેનું મૃત્યું થયું હતું. આ બનાવ તા.૩૦-૮-૨૦૨૩ કલાક ૨૧:૩૦થી તા.૩૧-૮-૨૦૨૩ કલાક ૭ દરમ્યાન બનવા પામેલ અને ગઈકાલે તા.૩૧-૮-૨૦૨૩ કલાક ૨૨:૦૫એ જાહેર કરવામાં આવેલ. જીતેન્દ્રભાઈ વિનોદભાઈ ગોરડની ફરિયાદ ઉપરથી પોલીસો ભૂમિકાબેન સહિત પાંચ આરોપીઓ વિરૂધ્ધ કલમ ૩૦૨, ૩૨૩, ૩૪૨, ૧૪૬, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૨૦(બી), ૩૮, ૫૦૬(૨), જીપી એકટ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરવામાં આવેલ છે. આ હત્યા કેસના બનાવ અંગે માણાવદરના પીએસઆઈ સી.વાય. બારોટ દ્વારા કાર્યવાહી હાથ ધરી અને આરોપીઓને ઝડપી લેવા ચક્રો ગતિમાન કરેલ છે.

# જૂનાગઢમાં હયાત વોકળા કેટલાનું પોસ્ટમોટમ : જવાબદારો છટકી જશે કે કાયદાના સંકજામાં આવશે ?

## નરસિંહ મહેતા સરોવર, સુદર્શન તળાવ વિગેરે તો ખરા જ અને જૂનાગઢમાં પાણીના નિકાલ માટે નવ જેટલા વોકળાઓ પણ કાર્યવત હતા પરંતુ જૂનાગઢનું અહિત કરનારાઓએ ત્યાં ગેરકાયદેસર બિલ્ડીંગો ખડકી દીધી અને ૭૦ વર્ષના ઈતિહાસમાં ન જોઈ હોય તેવું તારાજીનું તાંડવ ખેલાયું : નરસિંહ મહેતાના બ્યુટીફિકેશનના નામે કદ ઘટાડી નાખ્યું છે ત્યારે તેનું કોઈ ગંભીર પરિણામ તો નહી આવે તેવો લોકોમાં ભય



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧

જૂનાગઢ શહેરમાં પાણીના નિકાલ માટે વિવિધ વિસ્તારોમાં વોકળા આવેલાહતા ખાસ કરીને કાળવાનો વોકળો ઘણા વિસ્તાર સુધી ફેલાયેલો હતો. પરંતુ જૂનાગઢના કહેવાતા ભેજાબાજ અને ગેરકાયદેસર બાંધકામો કરનારાઓએ જવાબદાર તંત્રને સાથેરાખીઅને મિલીભગત કરી ષડયંત્ર રચી આવા હયાત વોકળાઓ ઉપર ગેરકાયદેસર બાંધકામો ખડકી દીધા છે. એટલું જ નહી એપાર્ટમેન્ટ અને શોપીંગ સેન્ટરો પણ ખોલી નાખ્યા છે. પાણીના નિકાલ માટેના વોકળા નાના થતા ગયા અથવા તો આ વોકળાનું કદ ઘટાડી નાખવામાં આવતા વારંવાર લોકોએ સહન કરવાનું આવ્યું છે. આ વર્ષે ચોમાસાના આગમન સાથે દુર્વેશનગરમાં જે સ્થિતિ સર્જાણી હતી તે કાળવાના વોકળાના ગેરકાયદેસર દબાણને આભારી છે અને ત્યારબાદ શહેરમાં પુરપ્રકોપ સર્જાયોતે પણ જનતાની સામે છે. મનપાના શાસકો અને પદાધિકારીઓ આટલેથી અટકતા નથી પરંતુ હવે નરસિંહ મહેતા સરોવરનું બ્યુટીફિકેશન કરી આ સરોવરનું કદ ઘટાડી રહ્યા છે ત્યારે આગામી સમયમાં ન કરે નારાયણનો અતિભારે વરસાદ કે અતિભારે પુર આવે તો જૂનાગઢ શહેર માટે જીવતું જોખમ છે. ત્યારે આ બાબતે નરસિંહ મહેતા સરોવરમાં તળાવનું કદ જે ઘટાડી દેવામાં આવ્યું છે તે બાબતે પણ ફેરવિચારણા કરવાનો સમય આવી ગયો છે.

જૂનાગઢ શહેરમાં પ્રાથમિક સુવિધાના પ્રશ્ને જનતા પરેશાન છે તો બીજી તરફ તાજેતરમાં અતિવૃષ્ટીને પગલે પુરપ્રકોપની સ્થિતી સર્જાતા તારાજીનું તાંડવ ખેલાયુંહતું અને આ જળહોનારત ચોક્કસ પદાધિકારીઓની ચોખી જવાબદારી ફિકસ થતી હોવાની વિગતો લોકોમાં ચર્ચાઈ રહી છે. ઉચ્ચકક્ષાએથી તપાસના આદેશો થયા બાદ સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ ઉપરાંત મનપાના જવાબદાર અધિકારી દ્વારા તાજેતરમાં એક અહેવાલ રજુ કરી અને જૂનાગઢ શહેરમાં કુલ કેટલા વોકળા હતા આજે તેમાંથી કેટલા હાયત છે તેમજ કેટલા તળાવો કે સરોવર જૂનાગઢ શહેરમાં આવેલ હતા તે અંગેનું પણ હકિકત દર્શાવી હોવાનું કહેવાય છે. પરંતુ સાચી હકિકત બહાર આવી નથી. આધારભુત રીતે મળતી વિગત અનુસાર જૂનાગઢ શહેરમાં નરસિંહ મહેતા સરોવર, ભવનાથનો સુદર્શન તળાવ તેમજ ગિરનાર દરવાજા આગળ આવેલું તળાવ સહિતના તળાવો હયાત હતા તેમાંથી બે જેટલા તળાવો આજે જીવંત છે ત્યારે સુદર્શન તળાવ જીવંત નથી તેવા પુરાવાઓ છે. જોકે સુદર્શન તળાવનો હેરીટેજનો દરજજો આપવાની માંગણી ઉઠવા પામી છે. પરંતુ હાલ તો જૂનાગઢ શહેરની જનતાની કરમ કઠણાઈ કહો કે નસીબ આ શહેરના લોકોને પ્રાથમિક સુવિધા પુરતી મળી શકતી નથી અને તેમાં પડયા ઉપર પાટું જેવી સ્થિતિ એ સર્જાણી કે તાજેતરના જલ તાંડવે ભારે તારાજી સર્જી દીધી હતી અને જેને લઈને હાલ મનપા તંત્ર ભડકે બડી રહ્યું છે અને તપાસનો ધમધમાટ ચાલી રહ્યો છે પરંતુ ખરેખર તો આ બાબતે જવાબદારો સામે પગલા જ ભરવા હોય તો રાજય સરકાર દ્વારા જૂનાગઢ કોર્પોરેશન જયારથી અસ્તીત્વમાં આવ્યું ત્યારથી શહેરમાં કેટલા વોકળા હતા તેનો સર્વે કરવો જોઈએ, આ વોકળાઓ ઉપર બાંધકામો થયા છે તે કોની પરમિશનથી થયા છે તે અંગે જવાબદારોના ટાંટીયા ખેંચવા જોઈએ તેમજ બે થી ત્રણ તળાવો આવેલા હતા તેની હાલની શું પરિસ્થિતિ છે અને આમ થવા પાછળનું શું કારણ છે તે અંગેનું પણ પોસ્ટમોટમ કરવાની જરૂર છે. નરસિંહ મહેતા સરોવરનો પટ્ટો બ્યુટીફિકેશનના નામે ટુંકો કરી નાખવામાં આવેલ છે અને તેના કારણે પણ આ તારાજીનું તાંડવ ખેલાયુંહોવાનું કહેવાય છે. તો પોતાના સ્વાર્થમાટે અને જેને રૂપીયા એજ પરમેશ્વર છે તેવા મહાનગરપાલિકાના બેજવાબદાર લોકો સામે કાનુની રાહે પગલા ભરવાની અને કડક સજા થાયતેવી લાગણીને માંગણી ઉઠવા પામી છે. એક તરફ મહાનગરપાલિકામાં અનેક પ્રકારે રખધખડ ચાલી રહ્યું છે ત્યારે પ્રજાના કહેવાતા સેવકો દ્વારા લોકોને બેજે માર્ગે ચડાવવા માટે હાલ રસ્તાના પ્લાન ઘડી કાઢવામાં આવેલ છે અને રૂા.૨૦ કરોડના ખર્ચે નવા રસ્તાઓની ભેટ આપવા કમર કસી છે. ત્યારે જૂનાગઢની શાણી પ્રજા કોર્પોરેશનના આખેલ સામે શાંત બનીને જોવે છે કે હવે શું થશે ?

# જૂનાગઢ સિવીલ હોસ્પીટલમાં કર્મચારી ઉપર જીવલેણ હુમલો



જૂનાગઢ તા. ૧

જૂનાગઢ જીલ્લાની સૌથી મોટી સિવીલ હોસ્પીટલમાં ગત મોડી રાત્રીનાં એક કર્મચારી ઉપર જીવલેણ હુમલાનો બનાવ બનવા પામેલ છે. અને આ હુમલો પટ્ટાવાળાએ જ કર્યો હોવાનું બહાર આવતા તેને ઝડપી લેવા ચક્રો ગતીમાન કરવામાં આવેલ છે.

આ બનાવ અંગે પ્રાથમિક મળતી વિગત અનુસાર જૂનાગઢની સિવીલ હોસ્પીટલમાં ગત મોડી રાત્રીનાં તાત્કાલીક સારવાર વિભાગ પાસે હુમલાની ઘટના બની હતી જેમાં કર્મચારી અરવિંદભાઈ સુતા હતા ત્યારે તેમના ઉપર તિક્ષણ હથીયાર વડે હુમલો કરવામાં આવ્યો હતો. અને તેઓ ઈજાગ્રસ્ત બન્યા હતાં. આ બનાવ અંગેની જાણ થતાં જ ડીવાયએસપી હિતેશ ધાધલીયા સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી અને તપાસની કામગીરી હાથ ધરી છે. આ લખાય છે ત્યારે આ હુમલાની ઘટનામાં પટ્ટાવાળાએ જ હુમલો કર્યો હોવાનુંબહાર આવતા આરોપી હુમલાખોરને ઝડપી લેવા પોલીસે ચક્રો ગતીમાન કર્યા છે. આ બનાવ અંગે વધુ વિગત મેળવાઈ રહી છે.

### જૂનાગઢની સિવીલ હોસ્પીટલમાં દર્દીઓ માટે પાસ સીસ્ટમ શરૂ કરાઈ

જૂનાગઢ જીલ્લા ઉપરાંત અન્ય વિસ્તારોના દર્દીઓ માટે આર્શિવાદરૂપ જૂનાગઢ સિવીલ હોસ્પીટલમાં વ્યવસ્થા સુદ્રઢ કરવા પાસ સીસ્ટમ શરૂ કરવામમાં આવી છે. જેમાં દર્દી પાસે રહેનાર વ્યકિતએવાદળી અને ખબર કાઢવા આવનારને પીળો પાસ રાખવાનો રહેશે. દર્દી તેમજ તેની સાથે સારવાર દરમ્યાન રહેનાર સગા અને મુલાકાતી માટે પાસ પ્રથા અમલી બનાવવામાં આવતા હોસ્પીટલ વધુ ગતિશીલ બનશે તેમ મનાય છે.







## જૂનાગઢમાં વેચવાનું છે

(૧) ડો. જસાણીનું ચાર માળનું દવાખાનું, પોસ્ટ ઓફીસ રોડ
(૨) ગાંધીગ્રામ પોસ્ટ ઓફીસ પાસે ૫૦૦વારની જગ્યા, ૮ રૂમવાળી બેંકને લાયક વેચવાની છે.
(૩) ગાંધીગ્રામ કોન્વેન્ટ સ્કુલ સામે ૫૦૦ વારમાં ૧૦ દુકાનો, આઠ રૂમ વાળો બંગલો
(૪) દુકાન, મકાન, ફલેટ, જમીન લેવા-વેચવા માટે મળો.
(૫) ૩૨૦૦૦ ચાલેલી એસેન્ટ ગાડી
(૬) ગાંધીગ્રામમાં કોન્વેન્ટ સ્કુલ સામે આમ્રપાલી એપાર્ટમેન્ટમાં બીજા માળે ફલેટ વેચવાનો છે.
(૭) તળાવ દરવાજા વિસ્તારમાં ગોલ્ડન-લેક માં 3 BHK વ્યાજબી ભાવમાં ફલેટ વેચવાનો છે..
(૮) માંગનાથ રોડ ઉપર ૧૫૫૦ સ્કવેર ફૂટ વાળો શોરૂમ તદન વ્યાજબી ભાવમાં વેચવાનો છે. ગેલેક્સી સાઈકલ ની બાજુમાં...

**સંપર્ક : મો. ૮૧૫૬૦ ૧૯૯૯૯**



## ૐ નેચર ક્યોર સેન્ટર
### ડો. સી.ડી. ઓઝા

**તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે**

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
- કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

**દરરોજ સાંજે ૭ થી ૮**
**નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)**

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨



